

પૂજ્ય સ્વામીજી નું ઉદબોધન "તન, મન અને આત્માની સંવાદિતા માટે વૈદિક જ્ઞાન"
(અમદાવાદ મેનેજમેન્ટ એસોશીએશન) તા. ૨૫-૯-૨૦૧૨



ગુજરાત વિદ્યાપીઠ દેથલી ખાતે પૂજ્ય સ્વામીજી અને સંતોનું ભાવભીનું ઉષ્માસભર સ્વાગત (૨૭-૯-૨૦૧૨)



પૂજ્ય દલાઈ લામાની સંસ્થા બુદ્ધ ઈન્સ્ટિટ્યૂટ ટીબેટન મંગોલીયન સેન્ટર ઈન્ડિયાના બ્લુમીંગ્ટન (યુ.એસ.એ) શ્રી આર્જવ રીંગ પોન્ચે દ્વારા પૂજ્ય સ્વામીજીનું અભિવાદન (૨૨-૦૭-૨૦૧૨)



એટલાન્ટા (યુ.એસ.એ) ખાતે રોટરી ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીક્ટ ગવર્નર મેડમ ચેરીલ ગ્રીનવે દ્વારા અભિવાદન (૧૭-૭-૨૦૧૨)

## દિવ્ય વિચારો

સાદું જીવન, મુમુક્ષતા, વૈરાગ્ય, દિવ્ય ગુણોનો વિકાસ; સત્ય, પવિત્રતા, નિરુપદ્રવીપણું, નિઃસ્વાર્થ સેવા અને વિનમ્રતાનો અભ્યાસ એ યોગ માટે અનિવાર્ય છે. મનુષ્યના હૃદયમાં નિઃસ્વાર્થતા માત્ર તેના પૃથ્વી પરના છેલ્લા જન્મમાં જ વ્યાપી જાય છે. નિઃસ્વાર્થતા એ દિવ્ય ગુણ છે. એક સાચો નિઃસ્વાર્થ મનુષ્ય ઘણો દુર્લભ છે, તેવો મનુષ્ય તો ખરેખર દેવ જ છે.

- સ્વામી ચિદાનંદ

If undelivered return to:
"Divya Jivan" Gujarat Divya Jivan Sangh
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234

Print Vision

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૯, અંક - ૧૦, ઓક્ટોબર - ૨૦૧૨
Postal Registration No. GAMC 1417/2012-2014 Valid up to 31-12-2014 RNI No. GUJGUJ/2003/15738
Posted on 5th of every month at PSO, Ahmedabad-380 002. Annual Subscription Rs.150/-





નિડર બનો. સત્યને વળગી રહો - પૂજ્ય બાપુજી

## કર્મ એ જ પૂજા છે

કર્મ એ જ પૂજા છે. કર્મ એ ધ્યાન છે. 'હું કર્તા નથી' એવા ભાવથી અને કર્મના ફળ તથા બદલાની આશા વિના સર્વની સેવા કરો. તમને ભગવત્સાક્ષાત્કાર થશે. માનવતાની સેવા એ ભગવાનની સેવા છે. સેવાનો જુસ્સો તમારાં હાડકાં, કોશો, તંતુઓ વગેરેમાં ઊંડાણથી પ્રવેશવો જોઈએ. તેનો બદલો મહાન છે. સેવાના અભ્યાસથી વૈશ્વિક વિસ્તૃતતા અને અનંત આનંદને અનુભવો.

- સ્વામી શિવાનંદ

**શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત**

# દિવ્ય જીવન

**વર્ષ : ૯** **અંક : ૧૦** **ઓક્ટોબર-૨૦૧૨**

**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**ડૉ. મફતલાલ જે. પટણી**
**ડૉ. હરીશ દ્વિવેદી**
**શ્રીમતી રૂપા મજમુદાર**

**લેખ મોકલવાનું સરનામું :**
**તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી**
૪, વિશ્વભારતી સોસાયટી,
નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૪૦૮૪૦૬

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

**લવાજમ**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા

**ॐ**

यद्वदग्नौ मणित्वं हि मणौ वा वह्निता पुमान् ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥

अभ्रेषु सत्सु धावत्सु सोमो धावति भाति वै ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥

यथैव दिग्विपर्यासो मोहाद्भवति कस्यचित् ।
तद्वदात्मनि देहत्वं पश्यत्यज्ञानयोगतः ॥

**अपरोक्षानुभूतिः ८३,८४,८५**

જેમ પુરુષ અગ્નિમાં મણિપણું અથવા મણિમાં અગ્નિપણું (તેના અજ્ઞાનથી જુએ છે) તેમ (અજ્ઞાની) અજ્ઞાનના સંબંધથી આત્મામાં દેહપણું જુએ છે.

(જેમ) વાદળાં દોડવાથી ચંદ્ર દોડે છે એવું જણાય છે તેમ (અજ્ઞાની) અજ્ઞાનના સંબંધથી આત્મામાં દેહપણું જુએ છે.

જેમ કોઈને ભ્રાંતિથી જ દિશાનો ભ્રમ થાય છે તેમ (અજ્ઞાની) અજ્ઞાનના યોગથી આત્મામાં દેહપણું જુએ છે.

**અંક સૌજન્ય :**
**લોકકલ્યાણાર્થે પ્રભુ પ્રાર્થના સહ....**
**જાજલ પરિવાર**

## શિવાનંદ વાણી

**કર્મયોગનું માહાત્મ્ય :** ત્રિલોકનાથ ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોના રાજસૂય યજ્ઞમાં પધારેલા મહેમાનોના પગ ધોવાનું કામ સ્વીકાર્યું હતું અને સારી રીતે તે સેવા અદા પણ કરી હતી. ઓ મુમુક્ષુઓ ! તમે ભગવાનના આદર્શને અનુસરો. હે માત્ર શબ્દોમાં જ વેદાન્તી હોય પણ કર્મમાં નહિ, તેવા વેદાન્તીઓ ! હવે તમારી આંખો ખોલો. સેવા કરો અને પ્રથમ તમારા હૃદયને પવિત્ર કરો. પીડિત અને માંદાઓની સેવા કરો. દુઃખીઓને રાહત આપો. અન્યના બોજાને હળવો કરો. પવિત્ર થવાનો, હૃદયને વિશાળ બનાવવાનો અને દિવ્યતાને પ્રાપ્ત કરવાનો આ રસ્તો છે. **- સ્વામી શિવાનંદ**

**પ્રકાશક-મુદ્રક :** અરૂણ દેવેન્દ્ર ઓઝા, **માલિક :** ગુજરાત દિવ્ય જીવન સંઘ વતી, પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્લોક - આત્મબોધ | શ્રીમદ્ આદિ શંકરાચાર્ય | ૧ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | | ૨ |
| ૩. | સંપાદકીય | સંપાદક | ૩ |
| ૪. | શક્તિ-દેવી | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૪ |
| ૫. | જે હોય તે તેનો સર્વોચ્ચ અને ઉત્તમ ઉપયોગ કરો | શ્રી સ્વામી ચિદાનંદજી | ૭ |
| ૬. | મનાચે શ્લોક-મનોબોધ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૯ |
| ૭. | મારા ગુરુ શિવાનંદમાં મેં શું જોયું ? | શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી | ૧૦ |
| ૮. | શિવાનંદ કથામૃત | ગુરુદેવના સંન્યાસી શિષ્યો | ૧૧ |
| ૯. | અમૃતપુત્ર-૧૪ | શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડે | ૧૫ |
| ૧૦. | ઉપનિષદ-યાત્રા | ડૉ. ગુણવંત શાહ | ૧૮ |
| ૧૧. | હિન્દુ મંદિરના સંચાલકોનું સંમેલન તા.૧૭-૧૮ ઓગસ્ટ ૨૦૧૨, સાનહોઝે એરપોર્ટ ગાર્ડન હોટલ ખાતે પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજનું સમાપન સંભાષણ અને આશીર્વચન | | ૨૧ |
| ૧૨. | પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની દિવ્ય યાત્રા-૨૦૧૨નો અહેવાલ ઓગસ્ટ-સપ્ટેમ્બર - ૨૦૧૨ | | ૨૩ |
| ૧૩. | વૃત્તાંત | | ૨૯ |


## તહેવાર સૂચિ

**ઓક્ટોબર, ૨૦૧૨**

| **તા.** | **તિથિ** | **(ભાદરવા વદ)** |
|---|---|---|
| ૧૧ | ૧૧ | એકાદશી |
| ૧૩ | ૧૩ | પ્રદોષપૂજા |
| ૧૫ | ૩૦ | અમાવાસ્યા, શ્રાદ્ધપક્ષ પૂરું |
| | | **(આસો સુદ)** |
| ૧૬ | ૧ | નવરાત્રિ પૂજા શરૂ |
| ૨૧ | ૬ | શ્રી સરસ્વતી આવાહન |
| ૨૨ | ૮ | દુર્ગાઅષ્ટમી |
| ૨૩ | ૯ | શ્રી મહાનવમી |
| | | શ્રી નવરાત્રિ પૂજા પૂરી |
| ૨૪ | ૧૦ | વિજયાદશમી, દશેરા |
| ૨૫ | ૧૧ | એકાદશી |
| ૨૭ | ૧૩ | પ્રદોષપૂજા |
| ૨૯ | ૧૫ | પૂર્ણિમા, રાસલીલા |

### ● ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો ષડંગ યોગ ●

**● સેવા ● પ્રેમ ● દાન ● પવિત્રતા ● ધ્યાન ● સાક્ષાત્કાર**

**ભગવાનનું દર્શન કરવું તે આપણો જન્મસિદ્ધ અધિકાર છે :** સંન્યાસ એ માર્ગદર્શક સિદ્ધાંત છે. આત્મસાક્ષાત્કાર એ લક્ષ્ય છે. ધર્મ એ આધાર છે. દિવ્યતાનો આનંદ એ તમારો જન્મસિદ્ધ હક છે. તમે આત્મસમ્રાટ છો. મુક્તિ મેળવવા માટે બ્રહ્મનું જ્ઞાન એ જ આવશ્યકતા છે. જ્ઞાન એ માત્ર માન્યતા નહિ, પરંતુ એ જીવંત અનુભવ હોવો જોઈએ. ભગવાનના આશીર્વાદ આપ સૌની ઉપર ઊતરો. તમે સૌ ઋષિઓ બનો.

**- સ્વામી શિવાનંદ**

### ''અનુરોધ-અભિલાષા'' ગ્રાહકોને :

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાંની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થાય તે જ દિવસે રવાનગીનું કામ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલવામાં આવશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ બેંક ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

**ઓમ્ ઉપર ધ્યાન :** ઓમ્‌નું ચિત્ર તમારી સામે રાખો. ખુલ્લી આંખે શાંતિપૂર્વક તેની ઉપર એકાગ્રતાથી જુઓ. તેની સાથે શાશ્વતતા, અનંતતા, અમરતા વગેરેના વિચારોથી જોડાઓ. મધમાખીનો ગુંજારવ, રાતે ગાતા નાઈટિંગેલ પક્ષીના મધુરા સ્વર, સંગીતના સાત સ્વરો અને બધા જ ધ્વનિઓનો ઉદ્‌ભવ માત્ર ઓમ્‌માંથી થયો છે. ઓમ્ એ વેદોનો અર્ક છે. એવી કલ્પના કરો કે ઓમ્ એ ધનુષ્ય છે, મન એક તીર છે અને બ્રહ્મ તે તીરનું લક્ષ્ય છે. **- સ્વામી ચિદાનંદ**

# સંપાદકીય

ઓક્ટોબરની પહેલી તારીખથી પંદર તારીખ સુધી શ્રાદ્ધ પર્વ ચાલશે. આ શ્રાદ્ધપર્વ આપણે ત્યાં હિન્દુ પરંપરામાં જ છે. અન્ય ઈતર રાષ્ટ્રો કે જાતિ-પ્રજાતિમાં નથી. વર્ષમાં એકવાર 'મધર્સ ડે', ફાધર્સ ડે, ઓલ સોલ્સ ડે, થેન્ક્સ ગિવિંગ આ 'શોર્ટકટ' એ પાશ્ચાત્ય સંસ્કૃતિ છે. આપણી માતાને વર્ષમાં એકવાર 'હલ્લો-હાય' કહેવા માટેનું 'પ્રકરણ' નથી. આપણી સંસ્કૃતિ, આપણા સંસ્કાર, આપણું ગૌરવ અને ગરિમા તો માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ, અતિથિદેવો ભવને માનનારો અને તેનું પાલન કરનારો સંસ્કાર છે.

આ શ્રાદ્ધ પર્વ અને દિવંગત વડીલોની સ્મૃતિઓને તેમના જીવનચરિત્રને વાગોળવાનું પર્વ છે. તેમના સત્કર્મો, પુણ્ય કર્મો આપણાં સૌનાં જીવનમાં પણ ચરિતાર્થ થાય, અને આપણે આપણા પૂર્વજોની પરંપરાને ઉજ્જ્વળ કરીએ, બુલંદ કરીએ, તે આપણને આ શ્રાદ્ધ પર્વો યાદ અપાવે છે. કાગવાસ-બ્રાહ્મણ ભોજન યજ્ઞ, દાન, તપ, કર્મ જે પ્રારંભિક અને અગત્યની જીવન પ્રણાલી છે કે જેમાં ભૂતયજ્ઞ, દેવયજ્ઞ વગેરેનો સમાવેશ થાય છે, તે પીપળાને પાણી રેડીને, પક્ષીઓને ચણ આપીને કીડીઓને કીડિયારું, કૂતરાઓ કે ગાયને ગોગ્રાસ, ભોજન પૂર્વે 'અપોષણ'ની પરંપરા 'બહુજન હિતાય સુખાય ચ'ની જ પરંપરા હતી. માનવ સ્વાર્થી ન બને. મને જે મળેલું છે, તે બાકી સૌ નાનામોટાં જીવોને વહેંચીને હું ભોગનો ઉપભોગ કરું. તેવી સામાજિક વ્યવસ્થાનો આધાર આ ધાર્મિક ગતિવિધિઓ હતી. તેથી સામાજિક પારિવારિક અને વ્યક્તિગત જીવનનો ઉત્કર્ષ અને અભ્યુદય સંભવી શકે.

આ ઓક્ટોબર મહિનાની મધ્યાવધીમાં જ પવિત્ર નવરાત્રી વ્રત પ્રારંભ થશે, નવરાત્રી પછી વિજયાદશમી અને અંતે શારદીય પૂર્ણિમા. આ નવરાત્રી એ આત્મસંયમનું પર્વ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષા, અસુયા, દંભના ઉપર અતિક્રમણ કરવાનું પર્વ છે. મહિષાસુરનો વધ એ આપણામાં રહેલા અહંકારનો વધ છે. આપણો અહંકાર બીજાને તો ડંખે જ, પરંતુ તે આપણા વ્યક્તિત્વનું તો 'પતન' જ કરે છે. અહંકાર રાવણ કે દુર્યોધનના પણ નથી રહ્યા, ઓસામા બિન લાદેનનું પણ અસ્તિત્વ નિઃશેષ થયું તો આપણે આપણા અહંકારો શા માટે નિર્મૂલ ન કરીએ.

વિજયાદશમીનો અર્થ જ આત્મસામ્રાજ્યમાં પ્રવેશ, આત્મસંયમની ભવ્ય ઉજવણી. આવું થઈ શકે, તો હૃદયમાં શીતળતા-શાતા પ્રકટે, તે નિર્મળ ચાંદનીના પવિત્ર અમૃતસભર કિરણો સમાન સાર્થક થઈ શકે.

અંતે તો માનવ સુખ જ ઈચ્છે છે. આ સુખના ત્રણ પ્રકાર છે. સાત્ત્વિક સુખ, રાજસિક સુખ અને તામસિક સુખ. મને સુખ મળે કે ન મળે, બીજાંને સૌને સરખું સુખ મળે તે સાત્ત્વિક છે. આપણે બંનેને સરખું સુખ હજો; તે રાજસિક વિચાર છે, પરંતુ મને મળે કે ન મળે, તમને તો સુખે જંપવા જ નહીં દઉં, તે તામસિક પ્રકૃતિ છે. આનું નિરાકરણ છે, તે છે, શાંત અને સ્વસ્થ મને આત્મચિંતન અને આત્મમંથન કરવાનું. શ્રીશ્રી મા આનંદમયી મા કહેતાં, 'સુખી થવા ઈચ્છો તો કોઈના દોષનું ચિંતન ન કરશો, તેવું કરશો તો તેમના દોષ તમારામાં આવશે. સદ્ગુણોનું ચિંતન સદ્ગુણ અને દુર્ગુણોનું ચિંતન દુર્ગુણ આપશે.

આપણે વધારે ઉદાર બનીએ. અનાવશ્યક વીતી વાતોને વાગોળીએ નહીં. સકારાત્મક ચિંતન, મનન અને નિદિધ્યાસન કરીએ. વર્તમાનમાં જીવતાં શીખીએ અને જીવન સાર્થક કરીએ. ૐ શાંતિ.

- **સંપાદક**

# શક્તિ-દેવી

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

દેવી કે મહેશ્વરી કે પરાશક્તિ એ પરમાત્માની પરમ શક્તિ છે. જ્યારે વિષ્ણુએ અને મહાદેવે વિવિધ અસુરોનો નાશ કર્યો ત્યારે તેમને દેવીની શક્તિની મદદ હતી. દેવીએ જ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રને સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય માટે યોગ્ય શક્તિ આપી હતી.

દેવી એ સૃષ્ટિની સર્જક છે, તે વિશ્વમાતા છે. દુર્ગા, કાલી, ભગવતી, ભવાની, અંબા, અંબિકા, જગદંબા, કામેશ્વરી, ગંગા, ઉમા, ચંડી, ચામુંડા, લલિતા, ગૌરી, કુંડલિની, તારા, રાજેશ્વરી, ત્રિપુરસુંદરી વગેરે બધાં તેનાં જ સ્વરૂપ છે. નવરાત્રિના નવ દિવસો દરમ્યાન તેનું દુર્ગા, લક્ષ્મી અને સરસ્વતી તરીકે પૂજન થાય છે.

દેવી એ સર્વની માતા છે. પવિત્ર સંત તેમ જ દુષ્ટ, પૈસાદાર તેમ જ ગરીબ, પુણ્યશાળી તેમ જ પાપી બધાં જ તેનાં સંતાનો છે.

દેવી કે શક્તિ કુદરતની માતા છે. તે પોતે જ કુદરત છે. આખું વિશ્વ એ તેનું શરીર છે. પર્વતો તેનાં અસ્થિ છે, નદીઓ તેની નાડીઓ છે. સમુદ્ર તેની કુક્ષિ છે. સૂર્ય ને ચંદ્ર તેનાં ચક્ષુ છે. વાયુ તેનો પ્રાણ છે. વાયુ તેનો પ્રાણ છે. અગ્નિ તેનું મુખ છે. તે જ આ સૃષ્ટિરૂપી નાટક ચલાવે છે.

### શક્તિનાં સ્વરૂપ

શક્તિને સામાન્ય રીતે સ્ત્રીનું સ્વરૂપ માનવામાં આવે છે, પણ વસ્તુતઃ તે પુરુષ નથી તેમ જ સ્ત્રી પણ નથી. તે એક 'શક્તિ' છે, જે વિવિધ રૂપે આવિર્ભાવ પામે છે.

પંચમહાભૂતો અને તેમના સમુદાયો એ માતાજીનાં બાહ્ય સ્વરૂપો છે. બુદ્ધિ, વિવેક, પ્રજ્ઞા અને ઇચ્છા એ તેનાં આંતરિક સ્વરૂપો છે. માનવતત્ત્વ એ તેનું દશ્ય સ્વરૂપ છે.

તે મૂલાધાર ચક્રમાં કુંડલિની તરીકે સર્પાકારે ગૂંચળું વળીને રહેલી સુષુપ્ત શક્તિ છે. તે જ વિશ્વજીવનના કેન્દ્રમાં રહેલી શક્તિ છે. તે સર્વ જીવનના આધારભૂત તરીકે રહેલી મૂળ શક્તિ છે. તે જ શક્તિ સુષુમ્ણા નાડી અને બીજા જ્ઞાનતંતુઓ તે પોતાના સામર્થ્યથી આખા વિશ્વને ચેતનવંતું બનાવે છે, સૂર્યની પ્રકાશશક્તિ, ફૂલોમાંની સુગંધ, પૃથ્વી પરનું સૌંદર્ય, વેદમાતા ગાયત્રી, મેઘધનુષ્યમાંના વિવિધ રંગ, મનમાં ઓતપ્રોત બુદ્ધિ, હોમિયોપથીની ગોળીઓમાંના પુટ, મકરધ્વજ અને સુવર્ણભસ્મમાંની શક્તિ, ઋષિઓમાં રહેલી વિચાર અને ઇચ્છાશક્તિ, ભક્તોમાંની શાન્તિ, કામ, ક્રોધ, લોભ, દર્પ, અહંકાર એ બધાં પણ તેનાં જ સ્વરૂપ છે. તે અસંખ્યરૂપે ભાસે છે.

### શિવ અને શક્તિ

સર્વ જગતના નાથ પરમાત્માને શિવ તરીકે ઓળખવામાં આવે છે, અને તેની શક્તિને તેની પત્ની, શક્તિ, દુર્ગા કે કાલી તરીકે ઓળખવામાં આવે છે. દુર્ગા માતા એ પરમાત્માની શક્તિનું સ્વરૂપ છે. દુર્ગા સિવાય શિવ વ્યક્ત થઈ શકે નહિ અને શિવ વિના દુર્ગાનું અસ્તિત્વ જ નથી. શિવ એ દુર્ગાનો આત્મા છે. દુર્ગા અને શિવ એક જ છે. ભગવાન શિવ એ માત્ર શાંત સાક્ષીરૂપ છે. તે તદ્દન નિર્વિકારી ને નિર્ગુણ છે. તેના પર આ વિશ્વરૂપી નાટકની કોઈ અસર થતી નથી. બધું કાર્ય દુર્ગા જ કરે છે.

શિવ સર્વશક્તિમાન, નિર્ગુણ, નિષ્ક્રિય છે. તે શુદ્ધ ચૈતન્યરૂપ છે. ત્યારે શક્તિ ક્રિયાશીલ છે. સર્વવ્યાપક પરમાત્માનું ક્રિયાસ્વરૂપ તે જ શક્તિ.

શિવ અને શક્તિ વચ્ચેનો સંબંધ પ્રકાશ અને વિમર્શ જેવો છે. શક્તિ કે વિમર્શ એ શુદ્ધ ચૈતન્યમાં રહેલી સુષુપ્ત શક્તિ છે. વિમર્શ અનેક પ્રકારની વિવિધ સૃષ્ટિને ઉત્પન્ન કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, શક્તિ એટલે પરમાત્માનું અનેકરૂપે ભાસવાનું અથવા આ વિશ્વને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય. પરમાત્મા આ વિશ્વને

સર્જનશક્તિ દ્વારા ઉત્પન્ન કરે છે, સ્થિતિ શક્તિ દ્વારા તેને ટકાવી રાખે છે અને સંહારશક્તિ દ્વારા તેનો લય કરે છે.

જેવી રીતે અગ્નિ અને તેની દાહકશક્તિ વચ્ચે કોઈ ભેદ નથી, તેવી જ રીતે પરમાત્મા અને તેની શક્તિ વચ્ચે જરા પણ ભેદ નથી. શક્તિ પરમાત્મામાં જ રહેલી છે. જેવી રીતે આપણે ગરમીને અગ્નિથી અલગ પાડી શકીએ નહિ, તેવી જ રીતે શક્તિને શક્તિમાન એવા ઈશ્વરથી અલગ પાડી શકાય નહિ. શક્તિ એટલે જ બ્રહ્મ, શિવ અને શક્તિ એક જ છે. શિવ હંમેશાં શક્તિ સાથે જ હોય છે. તેઓ અભેદ્ય છે. દુર્ગા, પાર્વતી કે કાલીની ભક્તિ એ જ ભગવાન શિવની ભક્તિ છે.

**દ્રવ્ય, શક્તિ અને આત્મા**

પરમાત્માની સર્જક શક્તિ 'માતાજી'ને નામે ઓળખાય છે. તેને મૂળ પ્રકૃતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. શક્તિ એ બધા ભૌતિક પદાર્થોની ઉત્પત્તિનું મૂળ છે અને આત્માની ધારકશક્તિ છે. આત્મા અને શક્તિ અલગ પાડી શકાય તેમ નથી. તેઓ તત્ત્વતઃ એક જ છે.

દ્રવ્યનું શક્તિમાં રૂપાંતર કરી શકાય. પ્રશ્નોપનિષદ કહે છે કે, રયિ અને પ્રાણ દ્રવ્ય અને શક્તિ-નું જ સર્વ વિશ્વ બનેલું છે. દ્રવ્ય એટલે ઈશ્વર દ્વારા આંતરિક શક્તિનો બહારના પદાર્થરૂપે આવિર્ભાવ. જે શક્તિ દ્વારા વિશ્વની ઉત્પત્તિ અને સ્થિતિ થાય છે તે વૈજ્ઞાનિકોની જડ શક્તિ નથી, પણ બ્રહ્મની પરા કે ચૈતન્યશક્તિ છે. વસ્તુતઃ તે બ્રહ્મથી અલગ શક્તિ નથી, પણ બ્રહ્મ એ જ શક્તિ છે.

**દિવ્ય માતા**

જેનાથી આપણે આ વિશ્વમાં રહીએ છીએ અને જીવન ધારી રાખીએ છીએ તેને શક્તિ કહી શકાય. આ જગતમાં બાળકની બધી જરૂરિયાતો તેની માતા દ્વારા પૂરી કરવામાં આવે છે. માતા જ બાળકની વૃદ્ધિ વિકાસ અને કેળવણીનું ધ્યાન રાખે છે. તેવી જ રીતે, જીવનની બધી જરૂરિયાતો અને જગતમાંની બધી ક્રિયાઓ અને તે માટે જરૂરી સામર્થ્ય વિશ્વમાતા કે શક્તિ પૂરું પાડે છે. માનવમાતા જગન્માતાનું જ સ્વરૂપ છે. બધી સ્ત્રીઓ પણ માતાજીનાં જ રૂપ છે.

તમે બીજા બધા કરતાં તમારી માતા સાથે વધારે ખુલ્લા દિલથી વર્તો છો. તમે તમારા પિતા કરતાં માતા પાસે તમારા હૃદયને વધારે ખુલ્લું કરી શકો છો. માટે જ માતા કરતાં વધારે મોટો બીજો કોઈ ઈશ્વર નથી. માતા જ તમારી રક્ષા કરે છે, પોષણ કરે છે, દિલાસો આપે છે, આનંદ આપે છે અને ઉછેરે છે. તે તમારો પ્રથમ ગુરુ છે. જન્મની સાથે જ કોઈ પણ પશુ કે માનવીનું બચ્ચું જે પહેલો અક્ષર ઉચ્ચારે છે તે 'મા' છે. તે પોતાનાં બાળકો માટે પોતાની બધી વસ્તુઓનો ભોગ આપે છે.

બાળક પોતાના પિતા કરતાં માતા સાથે વધારે હળીમળી ગયું હોય છે, કેમ કે માતા ખૂબ જ માયાળુ, પ્રેમાળ, કોમળ અને લાગણીવાળી હોવાથી બાળકની બધી જરૂરિયાતોની ચીવટપૂર્વક સંભાળ રાખે છે. જ્યારે જ્યારે બાળકને કંઈ પણ જોઈતું હોય ત્યારે ત્યારે તે પિતા પાસે જવા કરતાં હાથ લાંબા કરીને માતા પાસે જ જશે. બાળકની બૂમ સાંભળતાં જ તે પોતાનું ઘરકામ છોડી દે છે અને તરત જ બાળક પાસે દોડે છે.

આધ્યાત્મિક ક્ષેત્રે પણ ભક્તને પિતા શિવ કરતાં માતા દુર્ગા સાથે વધારે ઘાટો સંબંધ હોય છે. ભગવાન શિવ બાહ્ય દુનિયા પ્રતિ તદ્દન ઉદાસ રહે છે. તે સંપૂર્ણ ત્યાગી ને વિરક્ત છે. તે પોતાની ભક્તની ખોપરીઓની માળા ધારણ કરે છે, આખે શરીરે ચિતાની ભસ્મ ચોળે છે. અને સ્મશાનમાં મસ્ત હાલતમાં રહે છે. તે સદાકાળ આત્મચિંતનમાં જ નિમગ્ન રહે છે. તે નિર્વિકલ્પ સમાધિમાં જ લીન હોય છે. તેણે પોતાનું બધું મુખત્યારનામું પોતાની પત્ની દુર્ગાને આપ્યું છે. માતા દુર્ગા જ જગતનાં બધાં કાર્યોનું ધ્યાન રાખે છે. ભગવાન શિવ તો માત્ર પોતાની શક્તિ સામે દૃષ્ટિ જ રાખે છે. આથી તે જ સૃષ્ટિનું સર્જન, પાલન ને સંહારનું કાર્ય કરે છે.

**દુર્ગા-લક્ષ્મી-સરસ્વતી**

દિવ્ય શક્તિ હંમેશાં ત્રિવિધ સ્વરૂપે કાર્ય કરે છે. તે સત્ત્વ, રજસ ને તમસરૂપી ત્રિગુણયુક્ત છે. તે ઈચ્છાશક્તિ, ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ રૂપે પ્રગટ

થાય છે. બ્રહ્મા સાથે તે બ્રહ્મશક્તિ (સરસ્વતી), વિષ્ણુ સાથે વિષ્ણુશક્તિ (લક્ષ્મી) અને ભગવાન શિવ સાથે શિવશક્તિ (મહાકાલી કે દુર્ગા) તરીકે ઓળખાય છે.

સરસ્વતી એટલે વિશ્વબુદ્ધિ, વિશ્વપ્રજ્ઞા કે વિશ્વજ્ઞાન. લક્ષ્મી એટલે માત્ર સોનું, ઢોર, આદિ ભૌતિક સમૃદ્ધિ નહિ, પણ સર્વ પ્રકારની સમૃદ્ધિ, ભવ્યતા, શ્રી, આનંદ, ઊર્જિતપણું, ઐશ્વર્ય, ઉદારતા, વગેરેનો સમાવેશ પણ લક્ષ્મીમાં થાય છે. શ્રી અપ્પય દીક્ષિત મોક્ષને પણ મોક્ષ સામ્રાજ્ય લક્ષ્મી તરીકે ઓળખે છે. મહાકાલી એટલે ઈશ્વરની રૂપાંતર કરનારી શક્તિ, જે અનેકતાને એકતામાં મેળવી દે છે.

દેવી પોતાને કરવાનાં અનેકવિધ કાર્ય અનુસાર અનેક સ્વરૂપો ધારણ કરે છે. કોઈ વાર તે મધુર ને કોમળ સ્વરૂપ ધારણ કરે છે તો કોઈ વાર ભયંકર ને સંહારક. પણ તે પોતાના ભક્તો પ્રત્યે હંમેશાં દયાળુ ને કૃપામય હોય છે. દુષ્ટ કૌરવો સામે લડવા જતી વખતે અર્જુને દેવીનું પૂજન કર્યું હતું. રાવણ સાથે યુદ્ધ વખતે શ્રીરામે યુદ્ધમાં વિજય માટે દુર્ગાપૂજન કર્યું હતું. તે તેની કૃપાથી લડ્યા અને તેની કૃપાથી જીત્યા.

**નવરાત્રિ મહોત્સવ અને તેનું આધ્યાત્મિક રહસ્ય**

નવરાત્રિ દરમ્યાન આખું ભારત માતાજીનું પૂજન કરે છે અને ખૂબ ભક્તિ સહિત તેનું આરાધન કરે છે. દશેરા, દુર્ગાપૂજન અને નવરાત્રિ એ ત્રણે એક જ છે. પહેલી ત્રણ રાત્રિ દરમ્યાન દુર્ગા કે માતાજીના સંહારકરૂપનું પૂજન થાય છે. પછીની ત્રણ રાત્રિમાં લક્ષ્મી કે માતાજીના સર્જકરૂપનું પૂજન થાય છે અને છેલ્લી ત્રણ રાત્રિ દરમ્યાન સરસ્વતી કે માતાજીના જ્ઞાનાત્મક રૂપનું પૂજન થાય છે. દસમો દિવસ એ વિજયનો દિવસ હોવાથી વિજયાદશમી તરીકે ઓળખાય છે.

આ રચનામાં ખાસ અર્થ રહેલો છે. આ ક્રમમાં જ્યારે દેવીની ઉપાસના કરવામાં આવે ત્યારે દુર્ગારૂપે તે પ્રથમ મનની અંદર રહેલ સૂક્ષ્મ દૂષિત વાસનાઓનો નાશ કરે છે. ત્યારબાદ લક્ષ્મી તરીકે તે તેમાં આધ્યાત્મિક પ્રગતિ માટે જરૂરની દૈવી સંપત મૂકે છે. છેલ્લે સરસ્વતી તરીકે તે તેને શુદ્ધ જ્ઞાન આપે છે.

દસમો દિવસ એ જ્ઞાનનો અજ્ઞાન પરના અને ભલાઈનો દુષ્ટતા પરના વિજયનો ઉત્સવ છે. આ દિવસે છોકરાંને નિશાળે ભણવા માટે મોકલવામાં આવે છે ને સાધકોને દીક્ષા આપવામાં આવે છે. આ પ્રસિદ્ધ વિજયાદશમીને દિવસે સુથાર, દરજી, કડિયા, કલાકાર, ગાયક, ટાઈપિસ્ટ અને બધા કારીગરો પોતપોતાનાં સાધન કે હથિયારોનું પૂજન કરે છે. આ આયુધપૂજા દ્વારા તેઓ પોતાનાં સાધનોમાં રહેલી શક્તિને પિછાને છે અને પોતાની સફળતા, આબાદી અને શાંતિ માટે તે દેવીનું પૂજન કરે છે.

**માતાજીનું પૂજન**

દેવી કે માતાજીના પૂજનથી માત્ર આબાદી જ નહિ, પણ સર્વ પ્રકારનાં બંધનમાંની મુક્તિ પણ મળે છે. તેથી આત્મજ્ઞાન પણ પ્રાપ્ત થાય છે. કેનોપનિષદમાંના યક્ષપ્રશ્નની કથા આ વાતને પુષ્ટિ આપે છે. તેમાં ઉમાએ દેવોને સત્યજ્ઞાન આપ્યું હતું.

શક્તિ એ જ સર્વસ્વ છે. તે સર્વ કંઈ કરી શકે છે. તે સર્જન તેમ જ સંહાર કરી શકે છે. તે બાજીને સુધારી તેમ જ બગાડી શકે છે. પોતાની દિવ્ય લીલારૂપી નાટક ચાલુ રાખવા માટે તેણે પોતે અવિદ્યા માયા તરીકે સત્યને તમારી દૃષ્ટિથી છુપાવી રાખ્યું છે અને તમને સંસારમાં બાંધી રાખ્યા છે, જ્યારે તે અંતઃકરણપૂર્વકની ઉપાસના અને શરણાગતિથી સંતુષ્ટ થાય છે ત્યારે તે વિદ્યામાયા રૂપે તમારા અજ્ઞાનના પડદાને હટાવી સત્યનો સાક્ષાત્કાર કરાવે છે.

માતાજીની કૃપા વિના કોઈ પણ મનુષ્ય પોતાના મન અને જડ દ્રવ્યના બંધનમાંથી મુક્ત કરી શકવા સમર્થ નથી. માયાનાં બંધન તોડવાં બહુ જ મુશ્કેલ છે. જો તમે તેની જગદંબા તરીકે ઉપાસના કરો તો તમે તેની કૃપાને આશીર્વાદથી બહુ જ સહેલાઈથી પ્રકૃતિની પેલી પાર જઈ શકો. તે તમારા માર્ગમાંની સર્વ અડચણોને દૂર કરશે અને તમને તદ્દન મુક્ત બનાવી શાશ્વત સુખ શાંતિના અનંત ધામમાં સહીસલામત લઈ જશે.

પરાશક્તિ દેવી કે જગદંબા તમારા પર જ્ઞાન, શાંતિ અને શાશ્વત આનંદ વરસાવવાની કૃપ કરો !

☐ 'શિવ-આનંદ'માંથી સાભાર

# જે હોય તેનો સર્વોચ્ચ અને ઉત્તમ ઉપયોગ કરો

**શ્રી સ્વામી ચિદાનંદજી**

પશ્ચિમમાં એક સૂત્ર છે : 'ચલાવી લો.' તેનો અર્થ એ છે કે તમારી પાસે સારું, ખરાબ જે કંઈ હોય, તેનો સર્વોત્તમ ઉપયોગ કરી લેવો. તમારી પાસે જે કંઈ હોય તેનાથી નભાવી લો અને તમારી પાસે જે ન હોય તે માટે શોક ન કરો. હવાઈ કિલ્લા બાંધી ઇચ્છતા હો કે કોઈ દિવસ તમારું ધાર્યું મળશે અને તમે મોટા ગણાશો, તેને બદલે, ખરી હકીકતોનો સામનો કરો, દુન્યવી યથાર્થતા સમજો અને જે તમારી પાસે હોય તેનો ઉત્તમ ઉપયોગ કરો. બધું સંપૂર્ણ હોય તેવા કાલ્પનિક ભવિષ્યની રાહ જોઈ બેસી ન રહેશો. બધું જ આદર્શ હોય એવા સમયની રાહ જોવી તે મનની એક ત્રુટી છે.

બીજી એક અર્થસભર કહેવત છે : 'જેની પાસે હોય તેને ભગવાન છલકાઈ જાય તેટલું આપે છે.' તેનો ગર્ભિત અર્થ એ છે કે જો ઈશ્વરે તમને જે આપ્યું છે તેનાથી ચલાવી લેશો, તો પરમપૂર્ણ તમને વધુ ને વધુ આપવા લાગશે, કારણ તમારી પાસે જે કંઈ હાલ છે તેનો ઉત્તમોત્તમ ઉપયોગ કરતા હોવાથી, તમે એવી પરિસ્થિતિ પેદા કરી છે કે તમને વધુ આપવામાં આવે અને તમે વધુ આપવામાં આવે અને તમે વધુ સ્વીકારો. કોઈક ગહન વૈશ્વિક નિયમ કાર્યશીલ બને છે અને તમને વધુ ને વધુ પૂરું પાડતો રહે છે, કારણ તમને જે મળ્યું છે તેનો ઉત્તમ અને ઉચ્ચોચ્ચ ઉપયોગ કરીને તમે વધુ માટે લાયકાત દર્શાવી છે.

તમે લાપરવાહ થયા નથી. તમને જે આપવામાં આવ્યું છે તેને તમે અપર્યાપ્ત આદરથી સ્વીકાર્યું છે. તેને તમે યોગ્ય સ્વીકૃતિ આપી છે, યોગ્ય માન આપ્યું છે, યોગ્ય મૂલ્યાંકન કર્યું છે અને બનતી સારી રીતે તેનો ઉપયોગ કરવા લાગ્યા છો તેનો અર્થ એ થાય કે વૈશ્વિક પુરુષે તમને જે કંઈ આપ્યું છે તેની કિંમત તમે સમજ્યા છો. આ કોઈ નાનીસૂની બાબત નથી !

માટે, આપણી પાસે, સારું કે નરસું, જે હોય તેનું સર્વદેશીય રીતે મૂલ્યાંકન કરી, બધું સાથે ગણી, આપણે આપણી હાલની પરિસ્થિતિનો અંદાજ કાઢીએ, આપણી હાલની દેણગીઓ, શક્તિઓ, ક્ષમતાઓ અને કાર્યશક્તિઓનો હિસાબ ગણીએ અને કહીએ, 'હા, હાલની તકે હું આટલું ધરાવું છું. ઈશ્વરની પોતાની શાશ્વતતામાં, હું આટલામાં છું. હું આ છું અને મારી પાસે આટલું છે, માટે બને તેટલી બધી હૃદયપૂર્વકની ભાવનાથી, તીવ્ર રસ લઈને, આતુરતાપૂર્વક, સમર્પણભાવથી તેમ જ ઉત્સાહપૂર્વક, હું તેનો સર્વોચ્ચ અને સર્વોત્તમ ઉપયોગ કરું.' જો આમ કરો, તો તમે શું ન પામી શકો ? એવું કશું નથી જે તમે પ્રાપ્ત ન કરી શકો.

શરૂઆતથી જ તમે પ્રગતિ કરતા થશો, આગળ ધપતા જશો. તમે કશાની મળી જવાની આશા રાખી બેસી નહિ રહો પરંતુ તેના તરફ આગળ ધપશો. આ મોટી બાબત છે જે કરવી જોઈએ. આને જ કૃપા મળી કહેવાય. ભારતીય ફિલસૂફીના સંદર્ભમાં આ પુરુષાર્થ કહેવાય.

તો પછી, આ સત્યની દૃષ્ટિએ, આપણી પાસે જે છે તેના તરફ આપણી દૃષ્ટિ કેવી હોય ? તેની અવજ્ઞા ન કરાય, તેના તરફથી મોં ન ફેરવાય, પરંતુ સર્વગ્રાહી રીતે જોવું જોઈએ. 'ઠીક છે. મારી પાસે આટલું છે. ઈશ્વરે તેનાં વિવિધ સકારાત્મક અને નકારાત્મક પાસાઓવાળું આ જીવન મને ભેટ કર્યું છે. જેવું હોય તેવું, મને મળ્યું છે. માટે ચાલો, બેઠો થાઉં અને મારી જાત અને મારા જીવનનો કઈ રીતે સર્વોત્તમ ઉપયોગ કરી શકાય, તે વિચારી લઉં.'

આનો અર્થ એ થયો કે વસ્તુસ્થિતિ પ્રત્યેની મારી દૃષ્ટિ તદ્દન જુદી છે. 'મેં જે અભિગમ અપનાવવા હવે નક્કી કર્યું છે તે દૃષ્ટિએ જે કંઈ હું છું અને મારા માટે જીવનમાં જે લખ્યું છે તેનો કશોક અર્થ છે. એટલે જીવનને હું હવે વધુ સમય મદદકર્તા અને બિનમદદકર્તા, સાધના અને અ-સાધના, આધ્યાત્મિક અને અનાધ્યાત્મિક

એવું વિશ્લેષણ કરી ન વહેચું. ના, હું મારા જીવનના સો ટકા લઈ તપાસીશ કે તેનો એકેએક ટકો મારા જીવનના લાભ માટે ઉપયોગ કરી શકું, જીવન તરફ બદલાયેલ દૃષ્ટિ પ્રમાણે તેમાં આત્મપ્રગટીકરણ, પ્રકાશ અને જ્ઞાનની પ્રાપ્તિ માટેના લક્ષ્યને કેવી રીતે સાકાર કરી શકું ? હું વસ્તુઓનું વર્ગીકરણ નહિ કરું કે ન તો વિવિધ પ્રકારોમાં અલગ પાડીશ કે નહિ હું કોઈક વસ્તુને ફેંકી દઈ કે નામંજૂર કરી કે તેની સામે લડીશ પણ નહિ. હું જીવનને સમગ્ર રીતે જોઈશ અને તેમાંની દરેક વસ્તુને મને મદદરૂપ થવા માટે ઈશ્વરે તેની સર્વગ્રાહી બુદ્ધિથી એક શક્ય વિધાયક પરિબળ તરીકે રાખી છે તેમ માનીશ.

'બેશક, જ્યારે હું કોઈ મોટી ભૂલ કરી બેસું અને મારે ભૂલના ભોગ થવું પડે, ત્યારે પણ હું તે બાબતનો ઉપયોગ કરીશ : 'હા, હવે હું સમજું છું કે મારે શું કરવું જોઈતું ન હતું અને આવતીકાલે આવી જ પરિસ્થિતિ પેદા થાય તો મારે શું કરવું જોઈએ તે હવે મને ખબર છે.' આમ ભૂલે તમને જીવનમાં મૂલ્યવાન આંતર-સૂઝ આપી તમને નવા જ્ઞાનથી સજ્જ કર્યા. આમ, તમને લાગે કે કોઈ એક બાબત માટે ખૂબ પસ્તાવો કરવો પડે અને એક ખૂબ કમનસીબ ઘટના બની ગઈ હોય છતાં ભવિષ્યમાં તે ખૂબ મૂલ્યવાન નીવડી શકે. આમ, જે બાબત માટે અત્યાર સુધી તમે સભાન ન હતા તેને માટે તમે બરાબર સભાન થઈ ગયા છો. તેની પણ વિધાયક દૃષ્ટિ છે, તેનો સકારાત્મક આશય છે અને તે રીતે તમારાં આધ્યાત્મિક જીવનને મદદકર્તા થઈ પડશે, વિરુદ્ધમાં જશે નહિ.

આ રીતે, સઘળું, 'તમે જે છો' તેનો સરવાળો અને તમને જે 'લાગે છે' તેનો સરવાળો- આ દૃષ્ટિથી દરેકને જોવાનું છે. આ બંને પરિબળો (તમે જે છો અને તમને જે લાગે છે તે) સાથેનો આપણો સમસ્ત વહેવાર આ દૃષ્ટિએ જોવાનો છે. બંને સાથેનો સમસ્ત વહેવાર, એમ કહું છું ત્યારે હું માનું છું - તે જ કહું છું કે તમે જીવનથી કશુંક વધુ છો. આ 'હું'થી તમે કશુંક અલગ છો, જો કે હાલ તો આ 'હું' જ તમારી પાસે જે કંઈ છે તે છે.

માટે, જ્યારે તમે જાણો કે તમે આ 'હું'થી કશુંક અલગ છો, ત્યારે તમે 'હું'માં - 'મારા'માં પકડાતા નથી અને 'હું' એમ કહેતા નથી. તમે સમજો છો કે આ પણ એક ઈશ્વરી ભેટ જ છે, પછી તમે વિચારવા લાગશો કે આ 'હું'નો અને મારા જીવનનો કેવો ઉપયોગ કરું, આ બંને પરિબળો એવાં છે જેનો તમે, વાસ્તવિક તમે, શાશ્વત તમે, સારભૂત તમે, ઉપયોગ કરી શકો.

આ સમજણ થતાં જ તમે અંતમાં મહાન કહેવત વિચારી શકો, 'તમારું મન જે છે તે તમે છો.' આમ, જો તમે આ માનસિક વલણ લો, આ નવી દૃષ્ટિ, વસ્તુઓ પ્રત્યે જોવાની નવી રીત અને નવો અભિગમ લો, ત્યારે તમે કોઈ વસ્તુને નકારશો નહિ, કારણ બધી વસ્તુઓ નવા અર્થ સાથે તમને દેખાશે. દરેક વસ્તુ એક વિધાયક પરિબળ છે અને તમારે તે વસ્તુઓ સાથે એવો વહેવાર કરવો જોઈએ જેથી તે નિધિ બની રહે, મૂડી બની રહે - જવાબદારી કે સમસ્યા ન બને. તમે વસ્તુઓનો આમ ઉપયોગ કરો.

આ વસ્તુસ્થિતિ થતાં તમારી વિચાર-સરણીને તમારા તર્ક તથા બુદ્ધિના શાણપણને મદદ મળવાની આવશ્યકતા ઊભી થાય છે. થોડા ચિંતન બાદ, થોડી વિવેકબુદ્ધિ વાપરવાથી નકારાત્મકતાને સકારાત્મકતામાં પલટાવી શકશો, તે બાબતને નકારાત્મક હોવાનું વિચારી પણ શકશો નહિ. 'આ વિધાયક દૃષ્ટિ છે. આ ક્ષણે હું વિધાયક મર્મ જોઈ શકતો નથી પરંતુ આ દેખીતી નકારાત્મક પરિસ્થિતિમાં, મારી અંદર તેમ જ જે જીવનમાં હું છું તેમાં-બંનેમાં હું સકારાત્મક મર્મને ક્યાં ઓળખી શકું તે તપાસવા દો.'

આમ, સમજુ, વિવેકી, જિજ્ઞાસુ અને સાધકનો જીવન જીવવા પ્રત્યે આવો અભિગમ હોવો જોઈએ. ઈશ્વરની કૃપા અને ગુરુદેવની આશિષો તેમ જ શુભેચ્છાઓ તમને આ અભિગમની ચાવી આપે, તમારા પગલાંને દિશા આપે, દરેક પગલે તમારું મન અજવાળે.

☐ 'મુક્તિપથ'માંથી સાભાર

# મનાચે શ્લોક - મનોબોધ

શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

**ઘનશ્યામ હા રામ લાવણ્યરૂપી**
**મહા ધીર ગંભીર પૂર્ણ પ્રતાપી ।**
**કરી સંકટી સેવકાંચા કુડાવા**
**પ્રભાતે મનીં રામ ચિંતીત જાવા ॥ ૬૭ ॥**

આ રામ લાવણ્યનું કેવળ આગાર છે. મેઘ સરખા ઉદાર રામ મેઘશ્યામ-મેઘના જેવા વર્ણના છે. તે મહાધીર, ગંભીર અને પૂર્ણ પ્રતાપી છે. સંકટમાં પોતાના ભક્તોની રક્ષા કરે છે, ભક્તવત્સલ છે. તેવા શ્રીરામનું પ્રભાતમાં ધ્યાન કર.

ધ્યાન અને પાઠપૂજા આપણે સૌ નથી કરતા તેવું નથી, પરંતુ બધું જ ભલે યંત્રવત્ ચાલે તો પણ આપણા દૈનિક જીવનની પ્રત્યેક પ્રક્રિયાને આપણે આપણી પૂજા બનાવવી જોઈએ. 'યત્ યત્ કર્મ કરોમિ તદ્ અખિલં શંભો તવ આરાધના.' જ્યા જ્યા ઠીકાણી મન જાય માઝે ત્યા ત્યા ઠીકાણી તુઝી પાય ધૂળી. આપણા શ્રીગુરુદેવ પૂજ્યશ્રી સ્વામી ચિદાનંદજી મહારાજને જ્યારે જ્યારે પણ શિવાનંદ ઝુલા (ટીહરીગઢવાલ-પૌડ) ગઢવાલને જોડતો લક્ષ્મણઝુલા જેવો ગંગા નદી ઉપરનો હૃષીકેશ-મુની કી રેતીના ઝૂલતા પુલ ઉપર ચાલીને જવાનું થયું, ત્યારે ત્યારે તેમણે એ પુલ પર પગ મૂકતાં પૂર્વે દંડવત્ પ્રણામ કરી, ચપ્પલ પોતાના હાથમાં પકડીને ખુલ્લા પગે ચાલવાની ટેવ (ભક્તિ) પાડી હતી. કારણ એટલું કે આ પુલ સાથે મારા શ્રીગુરુદેવનું નામ જોડાયેલું છે, તેના ઉપર પગરખાં પહેરીને કેમ ચલાય ?

માટે જ પ્રભુ શ્રીકૃષ્ણનો આદેશ છે,

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥
(ગીતા : ૯ : ૨૭)

તું જે કંઈ કર્મ કરે છે, જમે છે, યજ્ઞમાં જે કંઈ હોમે છે, જે કંઈ આપે છે, તું જે કંઈ તપ કરે છે તે હે કૌન્તેય ! (અર્જુન !) મને અર્પણ કર.

શ્રીહનુમાનજી મહારાજને સીતામાતાએ આપેલ ઉપહાર મોતીના હારને તોડવાનો પ્રસંગ આપણે સૌએ અનેકવાર સાંભળ્યો છે. પરંતુ તેનો અર્થ આપણા જીવનમાં કેટલો આત્મસાત્ થયો ? જે વસ્તુવિષયમાં રામ ન હોય તે મારે માટે હરામ !!! આ સીધો અને સચોટ અર્થ થયો. શ્રી સ્વામિનારાયણ સમ્પ્રદાયના સુપ્રસિદ્ધ સંત પૂજ્યપાદ શ્રીમત્ પ્રમુખસ્વામીજી મહારાજનાં નવાં ચશ્મા આવે તો તે તેમના ઠાકોરજીને ધરાવે, તેમણે કંઈ દવા લેવાની હોય તો પણ ઠાકોરજીની પ્રસાદી કર્યા વગરની કોઈપણ વસ્તુ મારે નહીં ચાલે...

જાગત રામ હી, સોવત રામ હી,
સપને મેં દેખ્યો રાજા રામહી...
ગુરુકૃપાંજન પાયો મેરે ભાઈ
રામ બિના કછુ જાનત નાહી.

**ઘનશ્યામ આ રામ લાવણ્યરૂપી**
**મહાધીર ગંભીર પૂર્ણ પ્રતાપી;**
**સદા રક્ષી લે ભક્તને કષ્ટકાળે**
**પ્રભાતે મન રામને ચિંતવી લે**

આ Attitude હોય તો તેમાંથી નિપજેલ aptitude જીવનને એક નૂતન દિશાસૂચન કરી શકે.

વર્ષો પૂર્વે હૃષીકેશ શિવાનંદ આશ્રમમાં ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના શ્રીચરણે ગંગાતટે બેસીને એક સાધક સદૈવ એક ભજન લલકારતા. પાછળથી તો તેઓ જગપ્રસિદ્ધ ગાયક થયા, તેમના ભજનને જાણવા જેવું છે, જીવનમાં માણવા જેવું અને શ્રીરામ સાથે તાદાત્મ્ય કેળવાય તો અનુભવવા જેવું પણ ખરું જ. એ ભક્તનું નામ હતું શ્રી હરિૐશરણ. તેનું ભજન આ પ્રમાણે છે.

તેરા રામજી કરેંગે બેડા પાર, ઉદાસી મન કાહે કો ડરે
કાહે કો ડરે રે કાહે કો ડરે, કાહે કો ડરે
નૈયા તેરી રામ હવાલે, લહર લહર હરિ આપ સંભાલે
હરિ આપ હી ઉઠાવે બેડા પાર, ઉદાસી મન કાહે કો ડરે,
... તેરા રામજી...
કાબૂ મેં મઝધાર ઉસી કે, હાથોં મેં પતવાર ઉસીકે
તેરી હાર ભી નહિ હૈ તેરી હાર, ઉદાસી મન કાહેકો ડરે.
...તેરા રામજી...
સહજ કિનારા મિલ જાયેગા રે, મિલ જાયેગા મિલ જાયેગા
ડોરી સોંપકે તો દેખ એક બાર, ઉદાસી મન કાહેકો ડરે.
...તેરા રામજી...

વેદોએ કહ્યું, 'મા અભી' ડરો નહીં. કારણ 'જો ડરેગા વહી મરેગા' શ્રદ્ધા, સમર્પણ અને શરણાગતિ જેણે શ્રીરામની સ્વીકારી છે, તે જ નિશ્ચિંત, નિર્ભય, નીડર થઈ શકે. પૂજ્ય બાપુજીને આધ્યાત્મિક ગુરુમંત્ર કોઈ મહાન સંત મહાત્માએ આપ્યો નહોતો. ઘરમાં ઝાડુ પોતાં કચરો વાસણ કરનારી બાઈ રંભાએ પ્રેમથી બાળક મોહનદાસ ગાંધીને કહેલું, 'ડર નહીં, બોલ 'રામ' ! આ રામ રામ બોલીશ તો ભૂતપ્રેતનો ડર જશે, ભૂતપ્રેત પણ જશે.' અને પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીએ આ શ્રીરામનામના આશ્રયે જ અંગ્રેજોનું ભૂત આપણા ભારતમાંથી ભગાવ્યું. 'સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ' આ છે અહિંસાની શક્તિ, સત્યની શક્તિ, શ્રી રામ નામની શક્તિ. માટે જ સંત રામદાસજી કહે છે, શ્રી રામ તો સૌંદર્યમૂર્તિ છે, કારુણ્યમૂર્તિ છે, ઉત્સાહ મૂર્તિ છે. મહાધીર ગંભીર મહાપૂર્ણ પ્રતાપી છે. ભક્તના રક્ષણહાર છે, પ્રભાતે શ્રી રામનું ધ્યાન કર, અને જીવન સાર્થક કર. ૐ શાંતિ. (ક્રમશઃ)

# મારા ગુરુ શિવાનંદમાં મેં શું જોયું ?

**શ્રી સ્વામી યાજ્ઞવલ્કયાનંદજી**

૧૯૫૦ના ઓક્ટોબરમાં શ્રી સ્વામી શિવાનંદજી મહારાજે તેમની અખિલ ભારત-સિલોન યાત્રા દરમિયાન મુંબઈની મુલાકાત લીધી હતી. ભારતીય વિદ્યાભવનમાં યોજાયેલ તેમના પ્રવચનોના એક પ્રવચનમાં હું હાજર હતો. આજે પણ મને પ્લેટફોર્મ પર સિંહની માફક ગર્જના કરતો હોય તેવો તેમનો સ્પષ્ટ દેહ દેખાય છે. પાછળથી મેં તેમને આશ્રમમાં આવવાનું હું વિચારું છું એમ દર્શાવતો પત્ર લખ્યો અને ખૂબ આશ્ચર્ય સાથે મને એક અઠવાડિયામાં તેમનો આનંદ કુટીર તરફ મને ખેંચતો ખૂબ આકર્ષક, સુંદર અને સરસ જવાબ સાંપડ્યો.

તા.૧૭-૫-૧૯૫૨ના પવિત્રદિવસે મને ગંગામાતામાં પ્રથમ સ્નાન અને શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનાં દર્શનનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. ત્યાર પછી મેં પચીસ કરતાં વધુ વખત આશ્રમની મુલાકાત લીધી છે અને આશ્રમ મારો છે તેમ માન્યું છે અને તેઓને મેં મારા ગુરુદેવ તરીકે સ્વીકાર્યા છે.

મને સ્વામી શિવાનંદજીના એક મહાન સદ્‌ગુણ-તેમની પરમ ઉદારતાનું ખૂબ આકર્ષણ છે. તેઓ બધા ધર્મો સમાન અને એક જ છે તેમ ફક્ત શીખવતા જ નથી પણ તેનું આચરણ પણ કરે છે. કોઈ વખત તે પ્રાર્થનાથી 'યા અલ્લા...'થી શરૂઆત કરે છે. લોકોના મનમાં બધા ધર્મની સમાનતાના વિચારને પુષ્ટ કરવા માટે તેમણે ૧૯૫૩માં 'સર્વધર્મ-પાર્લામેન્ટ'ની શિવાનંદ આશ્રમમાં આયોજન કરી અને તેમાં બધા જ ધર્મોના પ્રતિનિધિઓએ ભાગ લીધો. તેઓ ભૂતકાળના અને હાલના બધા ધર્મોના સંતો અને પેગંબરોનો આદર કરે છે.

સ્વામી શિવાનંદજીને બધાની વિવિધ રીતે સેવા કરવાનું ખૂબ વહાલું હતું. તેઓ જ એવા પ્રથમ સંત હતા જેમણે જાહેર કર્યું કે બધા જ સાધકો માટે 'નિષ્કામ સેવા' એ તેમની સાધનાની પ્રથમ જરૂરિયાત છે. સાધનાની નિસરણી પરનું તે પ્રથમ મૂળભૂત પગથિયું છે. ઉત્તરપ્રદેશના ગરીબ લોકોની સેવા માટે શિવાનંદ આશ્રમ દ્વારા 'આંખના કેમ્પ' ગોઠવવામાં આવતા. આ કેમ્પમાં પૂ. ગુરુદેવ અને બધા સંન્યાસીઓ નારાયણ ભાવથી બધા દરદીઓની સેવા કરતા.

સ્વામીજી સદા પૂરા આશાવાદી, પ્રોત્સાહક અને પ્રેરણા આપનાર રહેતા. તેઓ પોતાની વાતચીત, પ્રવચનો અને પત્રો દ્વારા પ્રોત્સાહન આપતા. તેઓ કહેતા કે ઈશ્વર-સાક્ષાત્કાર આ જ જન્મમાં, આ જ ક્ષણે પ્રાપ્ત કરી શકાય છે. મને લખેલા એક પત્રમાં તેઓ કહે છે : 'તમે ફક્ત તમારા દરદીઓ માટે જ ખૂબ દયાળુ દેવદૂત અને વિશિષ્ટ આનંદના દાતા નથી પણ મારે માટે પણ છો. હું હંમેશાં તમારી સાથે છું. હું સદા તમારી સાથે ઊભો રહી તમારા સેવા અને આધ્યાત્મિક પ્રગતિના પથ પર બધા પ્રકારની મદદ આપતો રહીશ. તમારી આંતરિક આધ્યાત્મિક પ્રગતિ મને ખૂબ આનંદ આપે છે. હજી વધુ ધીરજથી કામ લો, તમારા હૃદયને જે જોઈએ છે તે બધું જ તમને મળી રહેશે. તમારા માર્ગનાં પગથિયાંનો હું દીપક બનીશ.'

આગળ વધતાં તેઓ લખે છે : 'તમે જન્મથી સંત છો. તમે સ્તુત્ય સેવા કરી રહ્યા છો. બધા જ લોકોની, દરેક સ્થળે, ગમે તે સમયે પૂરી ખંત, બળ, પ્રેમ અને હૃદય દ્વારા જેટલી બની શકે તેટલી વધુ સેવા તમે કરી રહ્યા છો. આ જ સાચી સેવા છે. આ જ પ્રભુની સાચી ભક્તિ છે.'

સ્વામી શિવાનંદ એ માનવજાતના બધા દિવ્ય ગુણોના મનુષ્યત્વારોપણ (Personification) છે. તેમણે જગતને એક મહાન પ્રસ્તુતતા (Relevance) 'YOGA OF SYNTHESIS'-યોગનો સમન્વય આપી છે, જે દ્વારા વ્યક્તિ શરીર, મન, હૃદય અને આત્માનો સર્વાંગી વિકાસ સાધી શકે છે, તેમના હૃદયની મહાનતા કોઈ વર્ણવી શકે નહિ. તેઓ દરેકને બધું ફક્ત આપવા-આપવા-આપવા માટે જ જીવ્યા હતા. દરેક વ્યક્તિમાં તેઓ સદ્‌ગુણનો અંશ જોતા.'

આજના હયાત સંતોમાં સ્વામી શિવાનંદ શ્રેષ્ઠ ગણી શકાય. પચીસ વર્ષના ટૂંકા સમયમાં દુનિયાના લગભગ બધા દેશો તેમને જાણે છે, સન્માને છે અને તેમને અનુસરે છે. તેમના ઉપદેશથી ઘણાનાં જીવન સુધરી ગયાં છે. તેમના પુસ્તકોનું દુનિયાની જાણીતી બધી જ ભાષામાં ભાષાંતર થયાં છે. દુનિયાના ઇતિહાસમાં આવું આટલા ટૂંકા સમયમાં બન્યું નથી. તેમના યુગમાં આપણે જન્મ્યા માટે આપણે પણ ભાગ્યશાળી છીએ અને આવા મહાન ગુરુ પાસેથી માર્ગદર્શન મળ્યું તે માટે પૂરા ભાગ્યશાળી છીએ.

□ 'Divine Life'માંથી સાભાર અનુવાદ

# શિવાનંદ કથામૃત

[ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજને આનંદ કુટિર હૃષીકેશમાં મળવા માટે અનેક આગંતુકો, મુલાકાતીઓ અને ભક્તો આવતા. તેઓ ગુરુદેવને વિવિધ વિષયો પર અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. ગુરુદેવ તેનો યોગ્ય જવાબ આપતા. આ પ્રશ્નો તથા તેના જવાબ ગુરુદેવની સાથે રહેતા સંન્યાસી શિષ્યો ચીવટપૂર્વક નોંધી લેતા. આ નોંધ એટલે શિવાનંદ કથામૃત. તેમાં ઘણી વ્યક્તિઓનો ફાળો છે. મુખ્ય ફાળો સ્વામી વ્યંકટેશાનંદનો છે. આ ઉપરાંત સ્વામી શિવાનંદ હૃદયાનંદ, સ્વામી ચૈતન્યાનંદ, સ્વામી સંતાનંદ, સ્વામી ગુરુશરણાનંદ, સ્વામી પરમાનંદ તથા બીજાઓએ સેવા આપી હતી.]

## કથાનક-૧૫

### મૂર્તિમંત કરુણા

તે તા.૧૦-૮-૧૯૫૮નો ગરમ ઉનાળાનો દિવસ હતો. એક આશરે બાવીસ વર્ષની સુંદર નિર્દોષ લાગતી મેલી સફેદ સાડી પહેરેલી છોકરી આશ્રમમાં આવી અને સ્વાગત કરનાર ભાઈને આશ્રયસ્થાન માટે પૂછ્યું. તેણે રજિસ્ટરમાં તેનું ખોટું નામ લખ્યું.

રાત પડી અને જ્યારે ગુરુદેવે સત્સંગ માટે પોતાનું સ્થાન લીધું ત્યારે તે છોકરીએ તેમને નમસ્કાર કર્યા, દંડવત્ પ્રણામ કર્યા અને એક ચિઠ્ઠી આપી. ગુરુદેવ સામાન્ય રીતે સ્થળ પર જ વાત કરી નિર્ણય લેતા હોય છે.

ચિઠ્ઠીમાં લખ્યું હતું : 'સદ્‌ગુરુ મહારાજ, હું પાપી છું, બગડી ગયેલું બાળક છું. લગ્ન કર્યાં નથી. છતાં હું ગર્ભ ધરાવું છું. દિલ્હીમાં એક યુવાન દુષ્ટ માણસનો હું શિકાર બની છું. તે મારો પડોશી હતો. મારું શોષણ કર્યા પછી મને છોડી દીધી છે. મારાં માબાપ બીજા સ્થળે રહે છે, પણ તેમની આવકમાં મદદરૂપ થવા માટે મેં દિલ્હીમાં નોકરી લીધી અને સંબંધીઓ સાથે રહેતી હતી. શું પરિણામ આવશે તેનો વિચાર કર્યા વગર હું આડે રસ્તે ચઢી ગઈ. હું ક્યાંય મારું માથું ઊંચું કરી શકું તેમ નથી. હું મારાં માબાપ પાસે પાછી જઈ શકું તેમ નથી. આપની સમક્ષ આ કબૂલાત અને પશ્ચાત્તાપ દર્શાવ્યા પછી ગંગા નદીમાં ડૂબી જવા અહીં આવી છું. મને આશીર્વાદ આપી બચાવો.'

ગુરુદેવે સહેજ પણ સમય ગુમાવ્યા વગર તેમના આશીર્વાદ આપ્યા અને તેને કોઈ ઉતાવળિયું પગલું ભર્યા વગર રાહ જોવા અને સાવધ રહેવા જણાવ્યું. તેમણે તેને આ પ્રશ્નનો નિકાલ ન આવે ત્યાં સુધી આશ્રમમાં રહેવાની રજા આપી. તે છોકરીએ પોતાની જાતને ગુરુદેવને સોંપેલી હોવાથી હવે તે તેમની જવાબદારી થઈ ગઈ હતી. તેને એક અલાયદો રૂમ આપવામાં આવ્યો, જમવાની અને જરૂરી કપડાંની વ્યવસ્થા કરી અને તેની સુવિધા, સહીસલામતી અને જરૂરિયાતો જાળવવા માટે તેની જ જ્ઞાતિના અને ભાષા જાણનાર બુઝુર્ગ વૃદ્ધ સ્વામીની ગોઠવણ કરવામાં આવી. એક વૃદ્ધ સ્ત્રી તેની રૂમમાં સાથે રહેવા મૂકી. આ બંને સિવાય બીજા કોઈને આ વિશે જણાવવામાં આવ્યું ન હતું.

ગુરુદેવે આ ગરીબ છોકરીની સંભાળ રાખવા માટે એક ભક્ત લેડી-ડૉક્ટરનો સંપર્ક કર્યો. ઓક્ટોબરમાં તેનો સુવાવડ સમય હતો. ભક્ત ડૉક્ટરે ગુરુદેવના આદેશને સ્વીકારી ગુપ્તતા માટે વચન આપ્યું. ગુરુદેવે પછી પોતાનાં ભક્ત અને બાળકો વગરના એક યુગલનો સંપર્ક કર્યો અને આવનાર બાળક દીકરો હોય કે દીકરી તેને સ્વીકારવા માટે તેની ઇચ્છા છે કે કેમ તે જણાવવા કહ્યું.

'હા, સ્વામીજી, આપની કૃપાથી અમે તેનું દત્તકવિધાન ખૂબ ધામધૂમથી કરીશું. બાળક છોકરો હશે કે છોકરી તેને દિવ્ય આશિષ ગણી અમે સ્વીકારીશું.'

યુગલનો જવાબ આવ્યો.

૨૨મી ઓક્ટોબરે ગુરુદેવ પર ટેલીગ્રામ આવ્યો : 'અને દીકરી જન્મી છે.'

તે છોકરીને અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા અને યુગલને પણ પત્ર લખવામાં આવ્યો, જેમાં તેમને બંનેને આશ્રમમાં આવી બાળકીને જોઈ અને દત્તકવિધિ કરવા માટે વિનંતી કરી. જન્મના

૧૪મા દિવસે છોકરી સુવાવડખાતામાંથી અને સંતાનવિહોણું યુગલ દિલ્હીથી આશ્રમમાં આવી ગયાં.

પવિત્ર દત્તકવિધાન વિધિ ગુરુદેવની શુભ હાજરીમાં શ્લોકો અને પ્રાર્થનાઓના ગાન સાથે કરવામાં આવી. મીઠાઈ ભરેલી તાસકો તૈયાર હતી. બાળકી હસતી હતી. તે તેની માતા જેવી જ સ્વરૂપવાન હતી. તે છોકરીએ ગુરુદેવને ખૂબ લાગણી અને આભાર સાથે દંડવત્ પ્રણામ કર્યા. દત્તક લેનાર યુગલ પણ ખૂબ આનંદમાં હતું. એક કલાક સુધી ક્રિયા ચાલી. બધાં જ તે છોકરી, બાળકી અને દત્તક લેનાર યુગલ માટે દીર્ઘ જીવન અને આબાદી માટેની પ્રાર્થના અને આશીર્વાદમાં જોડાયાં.

ગુરુદેવે તે ત્રણેને પવિત્ર ભસ્મ લગાડી અને બાલિકાનું ગુરુદેવને ગમતું નામ 'શકુંતલા' પાડવામાં આવ્યું. તે છોકરી પાસેથી બાળકીને લઈને 'શકુંતલા ઘણું જીવો, તે આદર્શ છોકરી બનો' એવી ગુરુદેવની પ્રાર્થના સાથે તે દત્તક લેનાર માતાને સોંપી. છોકરીની આંખોમાંથી આંસુની ધાર વહેવા માંડી. કંઈ પણ ન બોલાતાં તે નીચે બેસી ગઈ.

ગુરુદેવે તેને સંબોધીને કહ્યું : 'મારા બાળક, ચિંતા કરીશ નહિ. હું તને આશિષ આપું છું ! હવે તારાં યોગ્ય સ્થળે લગ્ન થશે અને આવાં વધુ બાળકોની મા બનીશ.'

ભેગા થયેલા શ્રોતાગણમાંથી એકે કહ્યું : 'આપણે ગુરુદેવની મહાનતા વૃદ્ધ ઉંમરે જોઈએ છીએ. અમારા જીવનમાં ઘણી મોટી વયે અમે ગુરુદેવનાં દર્શન અને પ્રણામ કર્યાં છે. પણ ફક્ત ચૌદ દિવસની આ ભાગ્યશાળી બાળકીએ સદ્‌ગુરુ મહારાજને ખૂબ અદ્‌ભુત રીતે શોધી કાઢ્યા અને તેમના ખોળામાં રહી વિપુલપણે આશીર્વાદ પણ માણ્યા.'

'દત્તક લીધેલું યુગલ તે જ રાત્રે દિલ્હી પાછું ગયું. છોકરી હવે વધુ શાણી બની હતી અને તેના ચહેરા પર નવો ઉજાસ દેખાતો હતો. તે થોડા દિવસ પછી તેનાં માતાપિતા પાસે પાછી ફરી. તેમણે પ્રેમ અને આશિષ સાથે તેને અપનાવી લીધી.

**પૈસાનું મૂલ્ય**

જેવા ગુરુદેવ ઓફિસમાં તેમની ખુરશીમાં બેઠા કે તરત જ શ્રી क તેમની રજા લેવા આવ્યા.

શ્રી क મહત્ત્વાકાંક્ષી યુવાન માણસ હતા. તેમણે શિવાનંદ ધર્માદા હોસ્પિટલમાં કામ કર્યું હતું. તેમણે ગુરુદેવને જણાવ્યા વગર દિલ્હીમાં નોકરી સ્વીકારી હતી. ત્યાં થોડા જ વખતમાં તે અસ્વસ્થ થઈ ગયા અને ગુરુદેવના દર્શનની ઇચ્છા દર્શાવી. ભૂલી જવાના અને માફ કરવાના ગુરુદેવના ઉદાર સ્વભાવનો તેને ખ્યાલ હોવાથી તે સંકોચ વગર આશ્રમમાં આવ્યા અને બેએક દિવસ રહ્યા. હંમેશ પ્રમાણે ગુરુદેવે તેમને મમતા અને પ્રેમથી સત્કાર્યા.

રજા લેતાં પહેલાં, શ્રી कએ ગુરુદેવને જણાવ્યું કે વધુ પગાર અને વધુ ભૌતિક સુવિધાઓ મળવા છતાં દિલ્હીમાં તેને મનની શાંતિ ન હતી.

ગુરુદેવે કહ્યું : 'ત્યાં તમને શાંતિ અને આરામ કેવી રીતે મળી શકે ? તમારે ત્યાં નોકર બની જવાનું છે. સંસારી લોકોને માટે ઈશ્વરનું સૌથી મોટું સ્વરૂપ પૈસો છે. પૈસાનું શું મૂલ્ય છે ? પવિત્ર ગંગામાં એક ડૂબકી બે કરોડ રૂપિયા બરાબર છે.'

'તમે દિલ્હી પાછા જાઓ, ત્યાં કામ કરો અને જ્યારે તે જીવનથી પૂરેપૂરો અસંતોષ થાય ત્યારે આશ્રમમાં પાછા આવજો. પણ તમે આશ્રમ પાછા આવવાનું વિચારો ત્યારે આશ્રમને ફરીથી કદી ન છોડવાનો નિશ્ચય કરીને જ આવજો.'

શ્રી क ગુરુદેવની કૃતજ્ઞતાની શરમાઈ ગયા અને પોતે લીધેલા પગલાને યોગ્ય બતાવવા કહ્યું : 'તેઓ X-કિરણ વિભાગના સારા અનુભવ અને સેવા માટે દિલ્હી ગયા હતા, જેથી જ્યારે તે પાછા આવે ત્યારે તે અનુભવ આશ્રમના ફાયદા માટે ઉપયોગી નીવડે.'

ગુરુદેવે રમૂજી હાસ્ય કરતાં કહ્યું : 'મને તમે કેળું બતાવવાનો પ્રયત્ન કરો છો ? કેળાની સ્કૂલમાં હું ક્યારનો પાસ થઈ ગયેલો છું.'

માતાઓ બાળકને મનાવવા માટે કેળાં આપવાની સામાન્ય કરામત અજમાવે છે તેનો ગુરુદેવ નિર્દેશ કરી રહ્યા હતા.

**સંન્યાસ**

ગુરુદેવ કેટલાક લાયક ભક્તોને પદવી આપવાના

હતા. તેમણે શ્રીમતી ડ તરફ ફરીને તેણીને પૂછ્યું : ‘તમારે કઈ પદવી જોઈએ છે ?’

જવાબ આપ્યો : ‘સંન્યાસની પદવી, સ્વામીજી.’

ગુરુદેવે કહ્યું : ‘તમને લડતાં આવડે છે ? સંન્યાસ લીધા પહેલાં તમારે કેમ લડવું તે જાણવું જોઈએ.’

શ્રીમતી ડ આ અણધાર્યો પ્રશ્ન આવતાં ગૂંચવાઈ ગયાં. તેનો આંતરિક અર્થ સમજતાં તેમને થોડીક મિનિટો લાગી. પછી તેમણે જવાબ આપ્યો : ‘હા, સ્વામીજી, હું નિમ્ન મનની સાથે લડી લઈશ.’

ગુરુદેવે કહ્યું : ‘હા, હું તે જ તમને કહેતો હતો.’

**ભક્તની શ્રદ્ધા**

ડૉ. મુકરજીએ ગુરુદેવને જણાવ્યું કે ગુરુદેવના વહાલામાં વહાલા શિષ્યોમાંનો એક શ્રી નીલકંઠ ખૂબ માંદો હતો. ડૉક્ટરે તેને કોઈ મોટા હોસ્પિટલમાં લઈ જવાની સલાહ આપી હતી. ગુરુદેવને ચિંતા થઈ અને તેમણે તરત જ શ્રી નીલકંઠની પત્ની સાવિત્રીને બોલાવી.

‘ડૉક્ટરનો એવો અભિપ્રાય છે કે શ્રી નીલકંઠની સારવાર વધુ કાર્યક્ષમ હોસ્પિટલમાં થવી જોઈ. તમારા ભાઈ દિલ્હીમાં છે ? તમારો શું મત છે ?’

સાવિત્રી તેના પતિને ખૂબ ચાહતી હતી. આંખોમાં આંસુ સાથે તેણે કહ્યું : ‘મારી દૃષ્ટિએ તો જ્યાં ભગવાન વસતા હોય તે જ શ્રેષ્ઠ સ્થાન ગણાય (તે ગુરુદેવને ભગવાન કહી બોલાવતી). ભગવાનની કૃપા અને આશ્રમના ડૉક્ટરોની સારવારથી મને ખાતરી છે કે મારા પતિ સારા થઈ જશે. હું અહીં ભગવાનમાં પૂર્ણ શ્રદ્ધા સાથે આવી છું અને મને શ્રદ્ધા છે કે તેમને સારું થઈ જશે. મારી તેમને બીજે ક્યાંય લઈ જવાની ઈચ્છા નથી. મને તેમને આપના આશીર્વાદ માટે અહીં આવવાની રજા આપશો ?’

ગુરુદેવે તરત જ વચ્ચે બોલતાં કહ્યું : ‘ના, તેને અહીં લાવશો નહિ. હું ત્યાં આવીશ અને જોઈ જઈશ.’

શ્રીમતી સાવિત્રીએ તરત જ કહ્યું : ‘હું મુરલીને તાર કરીને અહીં બોલાવી લઉં. તેની હાજરીથી તેમને કદાચ વધુ સુવિધા થાય.’ મુરલી તેમની દીકરી હતી અને તે મેડિકલ કોલેજમાં ભણતી હતી.

ગુરુદેવે કહ્યું : ‘પછી તેના ભણતરનું શું ? તે તેને ગુમાવવું પડશે.’

‘હા, તેને પરીક્ષા માટે બેસવાનું છે.’

પછી ગુરુદેવ ડૉક્ટર તરફ ફર્યા : ‘આપણે તેને દિલ્હી કેવી રીતે લઈ જઈ શકીએ ? તેની પત્ની અને બાળકો અહીં છે. તેઓ દિલ્હીમાં ક્યાં રહેશે ? તેને પોતાના પતિને દિલ્હી લઈ જવાની ઈચ્છા નથી.’

ગુરુદેવે તેમની આંખો બંધ કરીને એક સેકંડમાં તેમણે પોતાની જાતને અંદર ખેંચી અને મહામૃત્યુંજય મંત્રનો જપ કરવા લાગ્યા. ઓફિસ હૉલ દિવ્ય કંપનોથી ગાજી ઊઠ્યો.

થોડીક જ વારમાં તેમણે કહ્યું : ‘ઓજી, મંદિરમાં મૃત્યુંજયના જપ થાય તેવી વ્યવસ્થા કરો. આખો દિવસ તે ચાલુ રહેવા જોઈએ.’

તેમને કહેવામાં આવ્યું કે પૂજારી જપ કરી રહ્યા છે.

‘તે પૂરતું નથી. કેટલાક આશ્રમવાસીઓએ પણ તેમાં જોડાવું જોઈએ.’ પછી તેમણે એક સ્વામીને જ્યારે સમય મળે ત્યારે જપ કરવાનું કહ્યું. તેમણે એકબીજા સ્વામીને પણ જપ કરવાની સૂચના આપી.

શ્રીમતી સાવિત્રી તરફ ફરીને તેમણે કહ્યું : ‘તારે પણ તારાં બાળકો સાથે જપ કરવા જોઈએ. તેમને પૂરેપૂરો આરામ આપો. તેમને ફળનો રસ આપો અને તેમને ચિંતા કરવાની ના પાડો. બધું જ સારું થઈ જશે.’

ગુરુદેવે પછી સાવિત્રીને શ્રી નીલકંઠને લગાડવા માટે પવિત્ર ભસ્મ આપી.

તેમણે કેટલાક શિષ્યોને કુટુંબને મદદ કરવા માટે વિનંતી કરી. તેમને જણાવ્યું કે સ્વામી બ તેમની સેવામાં હતા જ અને ગઈ આખી રાત જાગ્યા હતા.

તેના તરફ ફરીને ગુરુદેવે કહ્યું : ‘તમે વૃદ્ધ છો. જો તમે વધુ મહેનત કરશો તો તમારી સેવા માટે વળી બીજા કોઈની જરૂર પડશે.’ પછી તેમણે સ્વામી બને કુટુંબને મદદ કરવા માટે વિનંતી કરી.

ગુરુદેવે ડૉક્ટરને કહ્યું : ‘ડૉક્ટરસાહેબ, તમે થોડાક દિવસ અહીં રોકાઈ જાઓ.’

ડૉ. મુકરજીએ જણાવ્યું કે તેમને તો તે દિવસે

જ નીકળી જવું પડે તેમ છે.

ગુરુદેવે કહ્યું : 'તો પછી જરૂરી સારવારની વિગત લખતા જાઓ. જો દવાઓ અહીં નહિ મળે તો હું કોઈને દહેરાદૂન મોકલી મંગાવી લઈશ.'

ગુરુદેવે એક કાગળ લઈ ડૉક્ટરને આપ્યો અને તેમાં સારવારની વિગત લખવા કહ્યું.

ઓફિસનો સમય પૂરો થવાને પણ ખાસ્સો સમય થયો હતો. ગુરુદેવ ડૉક્ટર પોતાનું લખાણ પૂરું કરે તેની રાહ જોતા હતા. આ જોતાં જ ડૉક્ટરે કહ્યું : 'મને કેસની વિગત અને સારવાર વગેરે લખતાં અડધો કલાક તો લાગશે જ.'

'કંઈ વાંધો નહિ.' તરત જ જવાબ મળ્યો.

સાંજે જ્યારે ગુરુદેવ બહાર આવ્યા ત્યારે તેમણે આતુરતાથી સાવિત્રીને પૂછ્યું : 'નીલકંઠને કેમ છે ? તેને સારું છે ને ? તે વાત કરી શકે છે ? તેને તમે ફળનો રસ આપ્યો ? તેણે તે પીધો ?'

મોડી સાંજે શ્રી નીલકંઠને ખૂબ સારું હતું. તેનો તાવ ઓછો થયો હતો. શરીરની વેદના ઘટી હતી અને આનંદમાં જણાતો હતો અને જલદી સારું થઈ જશે તેવી તેને પૂરી આશા હતી.

જ્યારે ગુરુદેવ બીજી સવારે ઓફિસે પહોંચ્યા ત્યારે તેમણે મીનાક્ષી અમ્માને બોલાવ્યાં અને વિનંતી કરી : 'જાઓ અને નીલકંઠની ખબર કાઢો. તે બરાબર ઊંઘ્યો હતો, તેને દુખાવો ઘટ્યો છે કે કેમ તથા તેણે શું ખાધુંની તપાસ કરો.'

મીનાક્ષી અમ્મા તરત જ ગયાં અને પાછાં આવીને જણાવ્યું કે તેને સારી ઊંઘ આવી હતી, તેને ભૂખ પણ સારી લાગી હતી અને દુખાવો ઘટી ગયો છે. તાવ પણ એકદમ ઓછો થઈ ગયો છે.

'સરસ, સરસ, શું તે હસે છે ?' પોતાના ચહેરા પર આનંદ સાથે ગુરુદેવે પૂછ્યું અને આગળ કહ્યું : 'મને લાગે છે કે તમારો દરદી બરાબર છે.'

સ્વામી જ્ઞ હવે ગુરુદેવ પાસે આવ્યા, પણ તે કંઈ કહે તે પહેલાં ગુરુદેવે કહ્યું : 'મને લાગે છે કે તમારો દરદી હવે સ્વસ્થ છે.'

સ્વામી જ્ઞએ જવાબ આપ્યો : 'હા, સ્વામીજી, આપની કૃપા હોય પછી બીજું શું થઈ શકે ?'

'ડૉક્ટર તેને ગભરાવતા હતા. કાલે તે સંભાર અને ભાત ખાઈ શકશે. હા, મેં ગઈ કાલે મારા મૃત્યુંજય મંત્રના જપના બળે ભગવાન શિવને તેની પાસે દોડાવ્યા, એટલે તેને સારા થવું પડ્યું.'

શ્રી નીલકંઠની ઝડપી રોગમુક્તિના સમાચારથી ખૂબ આનંદિત થયેલા ગુરુદેવના મુખમાંથી ઉપરનું વાક્ય સરી પડ્યું. ☐ 'શિવાનંદ કથામૃત'માંથી સાભાર

## સ્વામી શિવાનંદનો આશરો

ગાડું અમારું ચાલતું રે, સ્વામી શિવાનંદના આશરે... (૨)
એના આધારે અમે ચાલીએ રે, સ્વામી શિવાનંદના આશરે...
ગાડાનો નાથ મારો સ્વામી શિવાનંદ છે,
એ રે ચલાવે તેમ ચાલીએ રે, સ્વામી શિવાનંદના આશરે...
સઘળી ચિંતા સોંપી વહાલાને,
એના આધારે અમે જીવીએ રે, સ્વામી શિવાનંદના આશરે...
દુનિયાનો નાથ એ તો ભક્તોનો પ્રાણ છે,
વ્હાલો રાખે તેમ રહીએ રે, સ્વામી શિવાનંદના આશરે...
દુનિયાનો નાથ એ તો ભક્તોનો પ્રાણ છે,
વ્હાલો રાખે તેમ રહીએ રે, સ્વામી શિવાનંદના આશરે...
ગાડું અમારું ચાલતું રે, સ્વામી શિવાનંદના આશરે... (૨)

# અમૃતપુત્ર-૧૪

- શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડે

['અમૃતપુત્ર'ના અંશો પૂજ્યશ્રી ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ સમક્ષ લોનાવલા-ખંડાલા અને દહેરાદૂનમાં વાંચવામાં આવેલા. મૂળ મરાઠી લેખન અને પછી હિન્દી ભાષાંતર શ્રીમતી રાજલક્ષ્મી દેશપાંડેએ કર્યું છે. તેમની અનુમતિથી આ ગુજરાતી ભાષાંતર દિ.જી.ના ગુરુભક્ત સાધકોની સેવાર્થે પ્રસ્તુત કરવાનો આનંદ છે. -સંપાદક]

## દિવ્ય જીવન - દેશ અને પરદેશ-૨

બીજી નવેમ્બર ઓગણીસસો અડસઠ (તા.૨-૧૧-૧૯૬૮) ! સ્વામી ચિદાનંદજીને લઈને અમેરિકા જનાર વિમાને ઊંચી ઊડાન ભરી.

પોતાની અમેરિકાની યાત્રા વચ્ચે સ્વામીજી 'કેરો'માં રોકાયા. ત્યાંની દિવ્ય જીવનની શાખામાં મોહમ્મદ-અદ-અલ્લાએલ મેહેંદોએ તેમનું સ્વાગત કર્યું. તેમને માટે તો સાક્ષાત્ પયગંબર જ ગેરુ વસ્ત્રોમાં ભગવાનનું નામ લેતા આ પૃથ્વી પર અવતરણ કરીને આવ્યા હતા. તેમણે જ્યારે સ્વામીજીને વંદન કર્યા, ત્યારે તેમની શ્રદ્ધામાં તેમને વધુ પ્રતિષ્ઠિત કરવા માટે સ્વામીજીએ પણ અલ્લાહના પવિત્ર નામનું ઉચ્ચારણ કર્યું.

દિવ્ય જીવન સંઘમાં સૌ ભક્તો પોતપોતાના આરાધ્ય દેવતાની ઉપાસના-ઈબાદત કે ચિંતન પોતપોતાના રીતરિવાજ પ્રમાણે કરવાને ટેવાયેલા છે. અહીં મુસ્લિમ અને ખ્રિસ્તી મુક્તકંઠે હરિભજન કરે છે. ઈશ્વરના દસ અવતારો પછી અહીંના લોકો ઈસુ ખ્રિસ્તને અગિયારમો અને મોહમ્મદ પયગંબરને બારમો અવતાર માનતા હતા. ઈદ, ક્રિસમસ અને દિવાળી સૌ એક જ સરખા ભાવ અને ભક્તિથી ઉજવતા હતા. બધા લોકોની સ્પષ્ટ સમજણ હતી કે રસ્તા ભલે અલગ હોય પરંતુ મંજિલ સૌની એક જ છે. આ બધું એક જ 'શ્રેયસ્' ભણી લઈ જાય છે.

'ભલા બનો. ભલું કરો. ચારિત્ર્યસમ્પન્ન બનો. સૌ પ્રત્યે નિર્મળ પ્રેમની વર્ષા કરો. કારણ કે આપણે સૌ એક જ અનાદિ અનંત ઈશ્વરના સંતાન છીએ. એક જ પરમાત્મા કોઈને માટે હાથમાં તીર કમાન લઈને આવે છે, તો કોઈને માટે હાથમાં મુરલી ધારણ કરે છે. કોઈને માટે તે શૂળી ઉપર ચઢે છે, તો કોઈને માટે અફાટ રણમાં રઝળે છે.'

ઈદનો ચંદ્ર કે સંકષ્ટી ચતુર્થીનો ચંદ્રમા શું અલગ અલગ પ્રકાશ પાથરે છે. પોતાના આધ્યાત્મિક જ્ઞાનની ચાંદની લઈને આવેલ આ વૈરાગી ચંદ્રમા જેને આપણે ચિદાનંદ નામથી ઓળખીએ છીએ તે તમામ ધર્મના અનુયાયીઓને સમાનરૂપે જ શીતળતા પ્રદાન કરે છે.

ઈસ્તંબૂલમાં 'અલ રઝા અકિસાને, સ્વામીજીનું સ્વાગત કર્યું. સ્વામીજીએ ત્યાંના પત્રકારોને અને તુર્કસ્તાનની અગ્રગણ્ય સંસ્થાઓને મુલાકાતો આપી અને મુલાકાત કરી. યોગાસનના પ્રયોગો દર્શાવ્યા. વેદ અને ગીતાનો ઉપદેશ ઘેર ઘેર ગુંજતો કર્યો. તે દિવસ તુર્કસ્તાનના તમામ સમાચારપત્રો ભારતના આ અકિંચન સંન્યાસીના ગુણાનુવાદથી જ ભર્યા ભર્યા હતાં.

ન્યૂયોર્કની દિશામાં જતી વખતે સ્વામીજી રોમ, ન્યૂસેલડૉર્ફ અને લંડનમાં રોકાયા. ન્યૂયોર્કમાં તેમનું સ્વાગત ખૂબ જ ધામધૂમ અને ઉત્સાહથી કરવામાં આવ્યું. ભારતના આ સુપુત્રનો જયઘોષ અમેરિકામાં ગુંજી ઊઠ્યો. રાજયોગ, વૈદિક તત્ત્વજ્ઞાનમાં માયાની સંકલ્પના, કર્મ અને પુનર્જન્મવાદના વિષયો પર સ્વામીજીએ પ્રવચનો કર્યાં. ભારતીય ઋષિમુનિઓનાં તે તત્ત્વજ્ઞાનની ધ્વજા સાત સાગર પાર ફરકી અને અગણિત મુમુક્ષુઓનાં હૃદય ઉપર આધિપત્ય જમાવ્યું, તે સૌ ભારતીય સંસ્કૃતિ અને વૈદિક વાઙ્મયના ભક્તો થઈ ગયા. આજે તપ અને ત્યાગને પોતાના જીવનમાં આપવાના સંસ્કારો સભર કર્તવ્ય, નિષ્ઠા અને નિષ્કામ કર્મને બદલે આપણે વાસનાઓની પૂર્તિ અને ઉપભોગને જ પ્રગતિની દિશા સમજી રહ્યા છીએ. આપણાં જે તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિની સામે જ્યાં આખીયે દુનિયા ઝૂકી રહી છે, ત્યાં દુર્ભાગ્યે આપણે ખોખલાં સુખો પાછળ આંધળી દોટ મૂકીને માન, મર્યાદા, સંસ્કારને ભૂલતા જઈએ છીએ. આવું જીવન આપણને કઈ

દિશામાં લઈ જશે ?

ત્યાં અમેરિકામાં સ્વામીજીએ આકાશવાણી અને ટેલિવિઝન નેટવર્ક કાર્યક્રમોમાં પ્રવચનો કર્યાં. આ કૃશકાય અને અયાચક સંન્યાસીએ સમગ્ર અમેરિકાને માનો કે જીતી લીધું. થોડાં વર્ષો પહેલાં 'મારા અમેરિકન ભાઈઓ અને બહેનો' આ બે શબ્દોમાં અને પોતાની વક્તૃત્વ કળાથી સ્વામી વિવેકાનંદજીએ શિકાગોની ધર્મપરિષદમાં સૌનાં હૃદયને જીતી લીધાં હતાં. આજે ફરીથી એક સંન્યાસીએ એટલું સિદ્ધ કરી દીધું કે વીસમી સદીમાં પણ ભારતીય તત્ત્વજ્ઞાન અમર છે, અટલ છે, અખંડ છે.

યુગો પૂર્વે ઋષિમુનિઓ યજ્ઞ કરતા હતા. યજ્ઞ એવી જગ્યાએ કરવામાં આવતો કે જ્યાં ભોગવાદ હોય, લોકોને ઉચ્ચ ભારતીય તત્ત્વજ્ઞાનનું વિષદ જ્ઞાન ન હોય. યજ્ઞમાં બપોરના સમયે કથા-વાર્તા દ્વારા જીવનનાં નૈતિક મૂલ્યોનો પ્રચાર-પ્રસાર કરવામાં આવતો.

સ્વામીજીએ પશ્ચિમી દેશોમાં જઈને આ જ પ્રકારનો જ્ઞાનયજ્ઞ કર્યો. ભોગવાદથી ભરેલા અને અનેક સમસ્યાઓના શિકાર બનેલ સમાજને ભારતીય પ્રાચીન સભ્યતા દ્વારા શાંતિ અને સુખનો માર્ગ આપ્યો.

સ્વામીજીએ ચૌદમી ડિસેમ્બરે યોગના એક પ્રશિક્ષણ સત્રનો પ્રારંભ કર્યો. સૂર્યનમસ્કાર, યોગાસન, પ્રાણાયામ, ધ્યાન વગેરે વિષયો પર દરરોજ માર્ગદર્શન આપ્યું. 'યોગ અને ખ્રિસ્તી જીવન', 'યોગ અને આત્મસંસ્કૃતિ', 'નવજીવન', 'ધ્યાનસાધના' 'યોગનું માનસશાસ્ત્ર' 'જીવન વિષયક હિન્દુઓનો દૃષ્ટિકોણ', 'વેદાન્તિક સંકલ્પના-આદર્શ' અને 'યુવકો માટે મહત્ત્વપૂર્ણ આદર્શ' આ વિષયો પર પ્રવચનો કર્યાં.

'ડોરોથી મેડલ' નામની પત્રકાર લેખિકાએ સ્વામીજી માટે લખ્યું :

'પોતાનાં પારંપારિક ગેરુ વસ્ત્ર ધારણ કરીને આ કૃશકાય સાધુ અત્યંત સાવધાનીથી... સ્વસ્થતાથી શ્રીમતી કોંડાને ત્યાં બેઠેલા હતા. પૂછવામાં આવતા પ્રશ્નોના ખૂબ જ સંતોષપ્રદ જવાબ આપતા હતા. તેમણે કહ્યું, 'યોગમાં ખાનગી રાખવા જેવું કંઈ જ નથી. યોગ કોઈ ધર્મ નથી. યોગ એક વિશિષ્ટ જીવન પદ્ધતિ છે. યોગ એક દિવ્ય પથ છે કે જેના વડે આપણે ઈશ્વરનું સાતત્ય ભોગવી શકીએ છીએ.'

અહીં હૃષીકેશમાં સ્વામી શિવાનંદજીને અમેરિકાથી ઢગલાબંધ પત્રો મળતા હતા. શ્રીમતી નેતા ધૂર ઓલ્સને પોતાના પત્રમાં લખ્યું :

'હું અને કેનેથ... અમે બંને સ્વામી ચિદાનંદજીથી ખૂબ જ પ્રભાવિત થયાં છીએ. તમોએ તમારા શ્રેષ્ઠ પ્રતિનિધિને અમેરિકા મોકલ્યો છે. આ માનવ અસાધારણ પ્રતિભાસમ્પન્ન તો છે જ, પરંતુ સાથે સાથે અગણિત ગુણોનો ભંડાર પણ છે. તે મહાત્મા છે. તેની ઈશ્વરભક્તિ અને સત્યનિષ્ઠા અમારી આંખે ઊડીને આવીને વળગે છે. તે તો જાણે પોતાના પ્રિય ગુરુદેવનું પ્રતિબિંબ છે. તેમની ઓળખાણ થવી એ એક બહુ મોટું સન્માન છે.'

સેલ્ફ રિઅલાઈઝેશન ફેલોશિપનાં અધ્યક્ષા દયામાતાએ કહ્યું, 'આપના નિષ્ઠાવાન શિષ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજને અમારે ત્યાં મળીને અમારા આધ્યાત્મિક જીવનની અનેક શંકાઓનાં સમાધાન થયાં છે. પોતાની વિનયશીલતા, સાદગી અને શુદ્ધતાથી એમણે અમારાં હૃદય જીત્યાં છે. હૃષીકેશની ગંગાના તટેથી દિવ્ય જીવનનો તાજો અને પ્રેરક સ્પર્શ તેઓ અમારે માટે લાવ્યા છે.'

ગુરુદેવ હવે આત્મીય આનંદની પ્રસન્નતાથી મલકી રહ્યા હતા. તેમને ખાતરી થઈ કે તેમનાં જીવન પછી પણ દિવ્ય જીવનનું કાર્ય ચાલતું જ રહેશે. ...જી ના, વધતું રહેશે, તેટલી ખાતરી તેમને પાકી થઈ ગઈ હતી.

'ધર્મોમાં અનેક અનિષ્ટ પેસી ગયાં છે. ધર્મ, શોષણ કરવાનું સાધન બની ગયું છે. તમારા... તમારા હિંદુ ધર્મમાં તો આવી અઢળક બદીઓ ભરાઈ પેઠી છે.' એક યુવાને ઊભા થઈને જોર જોરથી બોલવા માંડ્યું. જાણે એ ઝઘડો કરવાનું નક્કી કરીને જ આવ્યો હતો.

સ્વામીજીના શાંત સ્વસ્થ ચહેરા પર એટલું જ શાંત સ્વસ્થ મૃદુ હાસ્ય મલકી રહ્યું હતું. તેઓ બોલ્યા, 'કોઈને કોઈ ઉપર શ્રદ્ધા રાખવી એ પ્રત્યેક માણસની આવશ્યકતા છે. સંકટને સમયે જેના ઉપર ભરોસો રાખી શકાય તેવી શક્તિ અને સ્થાન તે સદા ઇચ્છતો જ હોય છે. બુદ્ધિવાદી માનવ પાસે તેના આદર્શ, તેના નીતિનિયમો, સત્ અસત્, વિવેક બુદ્ધિના રૂપે તેમનો જીવન આશ્રય હોય છે. પરંતુ ક્યારેક ક્યારેક આ બધું

તેને અધૂરું લાગે છે. કંઈક તેમાં ખૂટે છે. સામાન્ય માણસ તો આ શક્તિ પ્રત્યેક મૂર્તરૂપે ઇચ્છે છે. આવી શક્તિ, આવું શ્રદ્ધાસ્થાન ધર્મ જ આપે છે. ધર્મ માનવના પરસ્પર સંબંધોમાં ઉદારતા લાવે છે. માતાપિતા, ભાઈ બહેન વિજ્ઞાનની દૃષ્ટિમાં નર નારી જ હોય છે. પરંતુ ધર્મ તેમને દેવત્વ આપે છે. માતા પિતાને તેમનાં કર્તવ્યની યાદ અપાવે છે. બાળકોને તેમનાં કર્તવ્યથી સભાન કરે છે.

ધર્મ સામાજિક નીતિમત્તા શિખવે છે. ચોરી ન કરો. બીજા લોકોના જાનમાલને પોતાના ન કરો. હિંસા ન કરો. આ બધું ધર્મ શિખવે છે. માનવના દિલમાંથી જો ધર્મ અને ઈશ્વર પ્રત્યેની આપણી નિષ્ઠા ચાલી જાય, તો માણસ પશુ થઈ જશે.

પરંતુ વહેતાં શુદ્ધ પાણીમાં જેમ ગંદકી આવીને મળે, તેમ ધર્મમાં પણ ગંદકી આવીને મળે છે. શ્રદ્ધા સ્થળોનો લાભ લઈને માણસ જ સ્વાર્થવિવશ લોકોનું શોષણ કરે છે. અવાંછિત પ્રથાનું નિર્માણ કરે છે. સ્વાર્થ, અબુધ, અભણ ગરીબ લોકો સાચા ધર્મ અને રૂઢિવાદથી થયેલા તફાવતને સમજતા નથી. માટે તેઓ છેતરાય છે.'

'તો તેનો ઉપાય શું ?' પેલો યુવાન છોકરો હજુ સુધી અસ્વસ્થ હતો. 'ધર્મનો ત્યાગ... તો તેનો ઉપાય નથી જ. સાચો ધર્મ, જે નીતિ, પ્રેમ અને એકતાની શિક્ષા આપે છે, તેનો સૌને પરિચય તો થવો જ જોઈએ. સાચો ધર્મ અને પરમેશ્વરમાં શ્રદ્ધા વધુ દૃઢ કરીને, અંધશ્રદ્ધા અને સમાજની કુરીતિ-રિવાજોથી માનવને મુક્ત કરવો જોઈએ. ધર્મમાં ભેળસેળ થયેલા કચરાને કાઢીને ફેંકવો જ જોઈએ. ધાર્મિક ઘર્ષણો-તોફાનો ત્યારે જ ખતમ થશે, જ્યારે રામ, રહીમ અને ઈસુ એક જ છે, તે વાત તે સત્ય સૌ સમજશે. આ સત્ય ત્યારે જ સમજાય કે જ્યારે લોકો ખરા અર્થમાં પોતપોતાના ધર્મને સાચી રીતે સમજે.'

સ્વામીજીએ આગળ ફરીથી કહ્યું, 'માણસના સ્વાર્થે જ્યાં જ્યાં દોટ મૂકી, તે તમામ ક્ષેત્રોને તેણે લૂંટનું સાધન બનાવ્યું. વિજ્ઞાનનો આધાર લઈને ક્યારેક ડૉક્ટરો પણ જનતાને લૂંટે જ છે ને ? તેથી શું થયું ? આથી આપણે વિજ્ઞાનને મિથ્યા કે અયોગ્ય કહીએ છીએ ? જો ડૉક્ટરોના મનમાં સાચો ધર્મ પ્રવેશે તો તે દરદીઓને નારાયણ સ્વરૂપે દેખે અને તે જે ઉપચાર કરે તે જ તેની પૂજા. માટે યંગમેન ! ધર્મ બૂરો નથી હોતો... બૂરો તો છે તેને મદહોશ કે બેહોશ કરવાવાળો તેનો સ્વાર્થ.'

એવું લાગતું હતું કે હવે તે યુવકને ગળે કંઈક વાત ઉતરતી હતી. તેના મનનું કંઈક સમાધાન થતું હતું. ત્યાં સ્વામીજી ફરીથી બોલ્યા...

'બાળક જ્યારે માટીમાં રમીને ગંદું થઈ જાય, ત્યારે આપણે તે બાળકને ફેંકી દેતા નથી. ફેંકીએ છીએ ?' અને ક્ષણભર તો સત્સંગમાં સન્નાટો છવાઈ ગયો. સ્વામીજીએ કહ્યું, 'ધર્મમાં અનેક બદીઓ પેસી ગઈ છે, તે હકીકત છે, પરંતુ તેને દૂર પણ આપણે જ કરવાની છે. સાચો ધર્મ કદીયે બૂરો નથી હોતો.'

તે યુવક હવે શાંત થઈ ગયો હતો. એક વૃદ્ધ જર્મન મહિલા આ બધું સાંભળી રહી હતી. તેનું નામ હતું, 'પૌલા'. સ્વામીજીનાં દર્શન, વર્તાવ અને ઉદ્‌બોધનથી તે પહેલાંથી જ ખૂબ પ્રભાવિત હતી. હવે તો તેનો નિશ્ચય વધુ દૃઢ થયો. તેણે નિર્ણય કર્યો કે તે પોતાની બધી જ મિલકત વેચીને ભારત જઈને રહેવા માગે છે, હૃષીકેશ જઈને રહેવાની ઇચ્છા ધરાવે છે. અને ખરેખર થોડા જ દિવસોમાં પોતાની માતૃભૂમિનાં બધાં જ બંધનો તોડીને તે હૃષીકેશ ખાતે શિવાનંદ આશ્રમ આવીને વસી ગઈ.

સૅન્ફ્રાન્સિસ્કોથી હવે સ્વામીજી મોન્ટ્રિયલ ગયા. ત્યાં શિવાનંદ યોગ વેદાંત કેન્દ્રના સંચાલકના રૂપમાં શ્રી સ્વામી વિષ્ણુદેવાનંદજી કાર્યશીલ હતા. સ્વામીજીએ ત્યાં પણ વ્યાખ્યાનો આપ્યાં.

ત્યારબાદ તેઓ કેનેડા, પશ્ચિમ જર્મની, હોલિવૂડ, વૉનકુંવર ગયા. ન્યૂયોર્ક, લંડન તથા સ્વિત્ઝર્લૅન્ડ ગયા. આ બધાં સ્થળોએ તેમણે ભારતીય તત્ત્વજ્ઞાનનો પ્રચાર કર્યો. ઉપનિષદ, ગીતા અને પાતંજલ યોગસૂત્ર વગેરે- આ સર્વે ભારતની આધ્યાત્મિક વિરાસત પર વ્યાખ્યાન આપ્યાં. શિવાનંદજીનો ઉપદેશ યુરોપ-અમેરિકા એમ ચારેય દિશાઓમાં પ્રસરી ગયો. પ્રત્યેક વાતને પોતાની બુદ્ધિના ત્રાજવે જોખનાર પશ્ચિમના વિદ્વાનો પણ ભારતીય તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત થયા.

□ 'અમૃતપુત્ર'માંથી સાભાર

# ઉપનિષદ-યાત્રા

ડૉ. ગુણવંત શાહ

## ગાંધીજીનો સૌથી પ્રિય ઉપનિષદ મંત્ર

**ઋષિના શબ્દો : ઈશાવાસ્યમ્ ઇદમ્ સર્વમ્ ।** (ઈશોપનિષદ, મંત્ર-૧)

**ભાવાર્થ : સર્વત્ર ઈશનો આવાસ, કણે કણે એની સુવાસ !**

**ઇન્દ્રિયગ્રામનો સરપંચ પ્રાણ છે**

ઇન્દ્રિયોના સમૂહને માટે ગીતામાં 'ઇન્દ્રિયગ્રામ' શબ્દ છે. ઇન્દ્રિયગ્રામમાં એક વાર તકરાર જામી પડી. ઘરના બાગમાં સવારના સમયે ગુલાબનું ફૂલ ખીલ્યું હતું. એના સૌંદર્ય પર આંખ વારી ગઈ. એની સુવાસનો અનુભવ કર્યો તેથી નાકે ધન્યતા અનુભવી. ત્વચા એનો કોમળ સ્પર્શ પામીને પ્રસન્ન થઈ. જીભથી ન રહેવાયું અને એણે તો ગુલાબની કોમળ પાંદડી ચાખી પણ લીધી. ચારે જ્ઞાનેન્દ્રિયો આનંદવિભોર બની ગઈ.

ગુલાબનો જયજયકાર સાંભળીને કાનની મૂંઝવણ વધી પડી. કાને એ ચારે ઇન્દ્રિયોને થોડીક અશ્રદ્ધા અને થોડાક અણગમા સાથે કહ્યું : 'કેવું ગુલાબ અને કેવી વાત ! હવે બકવાસ બંધ થાય તો સારું. આજની આ સવારે પંખીઓ કલરવ કરી રહ્યાં છે, તેનો તમને ખ્યાલ છે ?' સૌ શાંત થઈ ગયાં. કાનના આનંદનો પાર ન હતો. થોડી વારે આંખ ખોલી : 'કલરવનો ક્યાંય પત્તો નથી.' નાકે ટેરવું ચડાવ્યું. જીભે ચાળા પાડ્યા. ત્વચાએ મૌન જાળવ્યું. કાનને માઠું લાગ્યું. પોતાના સિવાય કોઈને પણ કલરવનો ખ્યાલ નહોતો.

બરાબર એ જ સમયે વાદળની વચાળે મેઘધનુષના સાત રંગો આકાશમાં પ્રગટ થયા. આંખે એ રંગો નિહાળ્યા ત્યારે એના વિસ્મયનો પાર ન રહ્યો. આંખ કશુંય બોલી નહીં. નાક, કાન, જીભ અને ત્વચાને કંઈ જ સમજ ન પડી. મેઘધનુષ હતું, પણ એના અસ્તિત્વની નોંધ કેવળ આંખે જ લીધી. બાકીની ચારે જ્ઞાનેન્દ્રિયો માટે મેઘધનુષ જેવું કશુંક હતું જ ક્યાં ! તકરાર ન થઈ કારણ કે બધી ઇન્દ્રિયોને સમજાયું કે પોતપોતાની મર્યાદાને કારણે કોઈ બાબત ન સમજાય ત્યારે શ્રેષ્ઠ ઉપાય શાંત રહેવાનો છે. વિશ્વમાં બધી જ બાબતો ઇન્દ્રિયોની પહોંચમાં નથી. જે ઇન્દ્રિયાતીત હોય તેને ઇન્દ્રિયો દ્વારા ન પામી શકાય. શાંતિપૂર્વક એ બધી ઇન્દ્રિયગ્રામના સરપંચ પાસે પહોંચી. ઇન્દ્રિયગ્રામના સરપંચ પ્રાણદેવતાએ થોડી ક્ષણો માટે મૌન જાળવ્યું. આસપાસ શાંતિ છવાઈ ગઈ. છેવટે, પ્રાણે કેવળ ત્રણ શબ્દો કહ્યા : 'ઈશાવાસ્યમ્ ઇદમ્ સર્વમ્ ।'

**ઋષિ દીર્ઘતમસનો મધુર મંત્ર**

આ જગતમાં ઈશતત્ત્વ જેવું કંઈક છે ખરું ? આ પ્રશ્ન જેટલો મૂળભૂત છે, તેટલો જ પ્રામાણિક છે. ઉપનિષદના ઋષિ જેને ઈશ કહે છે, તેને લોકો ઈશ્વર, અલ્લાહ, ગોડ, માલિક, પરવરદિગાર, સાહબ, ઠાકુર, પરમાત્મા કે આકાશનો પિતા કહે છે. જગતમાં જ્યાં જુઓ ત્યાં ચેતનાના ઈશારા છે અને અણદીઠના અણસારા છે. ઇન્દ્રિયોની પકડમાં કશુંક નથી આવતું. જે ઇન્દ્રિયગમ્ય ન હોય તેનું અસ્તિત્વ 'નથી' એમ કહેવામાં વિજ્ઞાનને નામે ઉતાવળ થતી રહે છે. જે 'નથી' તે કઈ કક્ષાએ નથી ? આંખ કક્ષાએ, કાન કક્ષાએ, નાક કક્ષાએ, જીભ કક્ષાએ કે ત્વચા કક્ષાએ જે કશુંક ન પકડાય, તે 'નથી' એમ કહી દેવાનું ઋષિઓને મંજૂર નથી. આકાશ એટલે શું ? જે 'નથી' તેની વિરાટ કવિતા ! વિજ્ઞાન અનુભવજન્ય માહિતીનો આદર કરે છે. અધ્યાત્મ અંતઃસ્ફુરણાત્મક પ્રતીતિનો આદર કરે છે. પોતાની પ્રતીતિને આધારે ઈશોપનિષદના ઋષિ દીર્ઘતમસ મંત્રમાં કહે છે :

ઈશાવાસ્યમ ઇદમ્ સર્વમ્ યત્કિંચ જગત્યામ્ જગત્ ।
તેન ત્યક્તેન ભુંજીથાઃ મા ગૃધઃ કસ્ય સ્વિદ્ ધનમ્ ॥

ઋષિ સમજાવે છે :

ઈશથી વસવા યોગ્ય આ સૌ જે ચાલતું જગે,
ત્યાગીને ભોગવી થાશો, લોભી ના કોનું છે ધન ?

(અનુવાદ : ઉમાશંકર જોશી)

**સમાજવાદનો વિશ્વમંત્ર**

ઉપનિષદોના મંત્રોમાં આ મંત્ર કદાચ સૌથી વધારે જાણીતો છે. એને આપણે સર્વોદયનો વિશ્વમંત્ર કહી શકીએ. જગતમાં જે બધું (ઇદમ્ સર્વમ્) છે તે ઈશમય છે. ભોગવવાની ના નથી, પરંતુ ત્યાગ વગરનો ભોગ કલ્યાણકારી બને ખરો ? એમાંથી લોભવાદ અને લાભવાદ જન્મે છે. આખરે આપણું ધન તે કોનું ? આવા પ્રશ્નો મનમાં ઊઠવા લાગે ત્યારે જ કદાચ અધ્યાત્મની શરૂઆત થતી હોય છે. ગાંધીજીને આ મંત્ર અત્યંત પ્રિય હતો. એમના શબ્દો છે : '...and I have come to the final conclusion that if all the Upanisads and all the other scriptures happened all of a sudden to be reduced to ashes, and if only the first verse of the Isopanisad were left intact in the memory of Hindus, Hinduism would live for ever.' (Speech at Quilon, Harijan, 30-1-1937, page 405) ગાંધીજી કહે છે : '...અને હું એવા આખરી નિષ્કર્ષ પર આવ્યો છું કે જો બધાં ઉપનિષદો અને અન્ય સર્વ શાસ્ત્રો અચાનક ભસ્મરૂપ બની જાય અને ઈશોપનિષદનો માત્ર પહેલો શ્લોક જ હિંદુઓની સ્મૃતિમાં અકબંધ રહે તો પણ હિંદુ ધર્મ ચિરંતન રહેશે.'

**ઉપનિષદનો પ્રિય શબ્દ : વિશ્વ**

ભારતીય સંસ્કૃતિની સુગંધથી આજના યુવાનો અપરિચિત રહી જાય તેવી શક્યતા પણ પ્રબુદ્ધ નાગરિકોને પીડા પહોંચાડનારી છે. ઉપનિષદોના થોડાઘણા અધ્યયનને અંતે ભારતીય સંસ્કૃતિ અંગે ગૌરવની લાગણી થાય તેવી બે બાબતો જડી છે :

(૧) ઉપનિષદોમાં ક્યાંય 'ભારત' શબ્દ જોવા મળતો નથી.

આપણા ઋષિમુનિઓનો પ્રિય શબ્દ 'વિશ્વ' છે.

(૨) ઉપનિષદોમાં ક્યાંય 'આર્ય' શબ્દ જોવા મળતો નથી.

ઋષિઓ 'મનુષ્ય' અંગે જ વિચારે છે.

આ દેશમાં લોકતાંત્રિક ફિલસૂફીના મહત્ત્વના અંશ તરીકે 'સેક્યુલરિઝમ' અંગે લાંબી અને ક્યારેક તો સંકુચિત રાજકીય ગણતરીથી ખરડાયેલી ચર્ચા ચાલ્યા કરે, તે તો આપણી હજારો વર્ષ જૂની સાંસ્કૃતિક પરંપરાનું આડકતરું અપમાન જ ગણાય. કોઈ પણ ભારતવાસીને સર્વધર્મ-સમભાવ અંગે ઝાઝું સમજાવવું ન પડે. અહીંની ધરતીમાં અભેદની, એકત્વની, અદ્વૈતની અને આત્મૌપમ્યની વૈદિક સુગંધ પડેલી છે. ચાલાક રાજકારણીઓ પહેલાં દુર્ગંધ ફેલાવે છે અને પછી સુગંધની વાતોનાં વડાં થતાં રહે છે. જ્યાં બ્રહ્મની જ વાતો હોય ત્યાં સરહદ ક્યાં રહી ? જ્યાં સમાન ઝંખનાઓ (સમાની વ આકૂતિઃ) ધરાવતી મનુષ્યતાનો જયજયકાર હોય ત્યાં કોમવાદ, જ્ઞાતિવાદ, પંથપ્રપંચ અને મુલ્લા-મહંત-પાદરીના કાવાદાવા ટકે ખરા ? સ્વીકારવું પડશે કે આપણે ક્યાંક ગોથું ખાઈ ગયા. ત્યાગ અને ગરીબી સાથોસાથ ટકી જ ન શકે. જેની પાસે કશુંય ન હોય તે શેનો ત્યાગ કરે ? અધ્યાત્મ અને સંકુચિતતા વચ્ચે કોઈ મેળ હોઈ જ ન શકે. બ્રહ્મવિદ્યા અને ગુલામી વચ્ચે સહઅસ્તિત્વ હોઈ ન શકે. આજે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે ભારતીય સંસ્કૃતિની સુગંધ વિશે વધારે કહેવા જઈએ તો તે મિથ્યાભિમાનમાં ખપે છે.

**ત્યાગ અને ભોગ વચ્ચે સુમેળ**

મૈથિલીશરણ ગુપ્તના મહાકાવ્ય 'साकेत'માં ભારતવર્ષની સાંસ્કૃતિક સુગંધ આવી સુંદર પંક્તિઓમાં પ્રગટ થઈ છે :

ભરતખંડ કા દ્વાર વિશ્ કે લિએ ખુલા હૈ,
ભુક્તિ-મુક્તિ કા યોગ જહાં પર મિલા-જુલા હૈ ।

ત્યાગ અને ભોગ (ભુક્તિ) વચ્ચે કોઈ આંતરવિરોધ નથી. બંને વચ્ચે સુમેળ હોય ત્યાં સમૃદ્ધિ આપોઆપ જળવાય છે. ત્યાગ અને ભોગને ધર્મને નામે મુક્તિના નામે અને તપને નામે બિલકુલ છૂટા પાડી દેવામાં સાર નથી. મહારાષ્ટ્રના સાધુચરિત

વિદ્વાન સદ્‌ગત ભાઉ ધર્માધિકારીએ મારા ગ્રંથ, 'કૃષ્ણનું જીવનસંગીત'નો અનુવાદ મરાઠીમાં કર્યો ત્યારે મને લખેલા એક પત્રમાં ભુંજીથાઃ શબ્દનો મૌલિક અર્થ સમજાવેલો. 'ભુંજીથાઃ' એટલે 'ભોગવવું', એ તો સાવ સપાટ અર્થઘટન ગણાય. ધર્માધિકારીજીએ પત્રમાં લખ્યું : 'ભુંજીથાઃ' એટલે to live through. જે કંઈ સર્વ આવી મળે તેમાંથી જીવનપૂર્વક પસાર થઈ જવાનું છે.' ક્યાંય થોભવાપણું નથી કારણ કે આ જગત સ્વભાવે જ ગતિમાન છે. મંત્રમાં જે 'જગત'ની વાત ઋષિએ કરી તે એના ગંત્યાત્મક સ્વભાવને ધ્યાનમાં રાખીને મંત્રના અનુવાદમાં ઉમાશંકરભાઈએ શબ્દો પ્રયોજ્યા : 'આ સૌ ચાલતું જગે.' આ જગતમાં પરિવર્તન સિવાય બીજું કશુંય કાયમી નથી. કશું જ જ્યાં કાયમી ન હોય ત્યાં વળી ધન તે કોનું ? કહેવાતો ધનપતિ કેટલો હંગામી !

**આપણા વિદ્યાર્થીઓ કોરા ને કોરા !**

કોઈ પણ પ્રજા પોતાની ઓળખ-અસ્મિતા-આઈડેન્ટિટીથી જ અપરિચિત રહી જાય એના જેવી દુઃખદ ઘટના બીજી ન હોઈ શકે. આ દેશમાં રામ થઈ ગયા. આપણા યુવાનોને રામની કથા સાથે કોઈ લેવાદેવા ખરી ? તેઓ યુનિવર્સિટીમાં ઘણુંબધું ભણે છે અને તોય લગભગ કોરા રહી જાય છે. જો તેઓમાં થોડીક ભીનાશ બચી હોય તો મૈથિલીશરણ ગુપ્તની પંક્તિઓ તેમને જરૂર ઝંકૃત કરી શકે :

રામ તુમ્હારા વૃત્ત સ્વયં હી કાવ્ય હૈ,
કોઈ કવિ બન જાય, સહજ સંભાવ્ય હૈ ।

આપણા અવકાશ-વિજ્ઞાની ડૉ. યશપાલે કહ્યું હતું કે યુનિવર્સિટીના શિક્ષણમાં ક્યાંય ભારતીય સંસ્કૃતિનો પરિચય મળે તેવું આયોજન અભ્યાસક્રમમાં સામેલ થતું નથી. ડૉ. યશપાલની વાત સાવ સાચી છે. કહેવાતા 'ધર્મશૂન્ય' સેક્યુલરિઝમના નામે આપણે કદાચ જાણીજોઈને આપણાં સાંસ્કૃતિક મૂળિયાં કાપી રહ્યાં છીએ. મહાભારતમાં કહ્યું છે : 'જેમ ગાયોના રંગ જુદા જુદા હોવા છતાં એમનું દૂધ એક જ રંગનું (ધોળું) હોય છે, તેમ ધર્મ-સંપ્રદાયો ભિન્ન ભિન્ન હોવા છતાં એમના દ્વારા પ્રગટ થતું તત્ત્વ તો એક જ છે (તત્ત્વમેકં પરં સ્મૃતમ્).' શું આ શ્લોકમાં ભારતીય સંસ્કૃતિમાં સહજપણે રસાયેલું સેક્યુલરિઝમ નથી ? જ્યાં સર્વત્ર ઈશની આણ હોય ત્યાં ભેદભાવ ટકી ન શકે. અધ્યાત્મ એટલે ભેદથી અભેદ ભણીની ગતિ માટેની ઉપાસના.

☐ 'પતંગિયાની અમૃતયાત્રા'માંથી સાભાર

## પરમ વાણી

- એઈલીન કેડી

તમે જે કાંઈ કહો અને જે કાંઈ કરો તે બધું મારા માર્ગદર્શન પ્રમાણે કરો. ખૂબ ધીરજ રાખતાં શીખો. દરેક બાબત માટે યોગ્ય સમયની રાહ જોતાં શીખો. જાણો કે જ્યારે તમે બધું મારી સેવાર્થે કરતાં હો છો અને દિશાદોર વગર ઝડપથી આગળ ધસી જતાં નથી ત્યારે બધી જ બાબતો સંપૂર્ણ રીતે બની આવે છે. અનેક બાબતો એના યોગ્ય સમયે ઉદ્‌ઘાટિત થવાની રાહ જોઈ રહી છે. દરેક વસ્તુ માટે ઝડપ થઈ રહી છે પણ ગમે તેમ તોય, જે બનવાની છે તે ઉઘાડની પ્રક્રિયા છે, કારણ કે મારી યોજનામાં પૂર્ણ લય અને સંવાદિતા છે. કોઈ જ પગલું નકશા બહારનું નથી, એટલે એની સાથમાં રહીને કામ કરો, વિરુદ્ધમાં નહિ. તમે એની વિરુદ્ધ જઈને કામ કરવાનો પ્રયત્ન કરશો તો તમે થાકથી સાવ ખલાસ થઈ જશો, તમારા હાથમાં કશું નહિ આવે અને એ સામા પૂરે તરવા જેવું થશે. તમારી સઘળી શક્તિ વાપરીનેય તમે જ્યાંનાં ત્યાં રહેશો કે પછી ભરતીના વેગથી કિનારે પાછાં ફેંકાઈ જશો. જે અનિવાર્ય છે તેની વિરુદ્ધ કામ કરવાનું ટાળો, એના બદલે તમે યોગ્ય વસ્તુ યોગ્ય સમયે જ કરી રહ્યાં છો તેવા પૂર્ણ વિશ્વાસ અને પૂર્ણ શાંતિથી એની સાથે જતાં શીખો.

☐ 'ઉઘડતાં દ્વાર અંતરનાં'માંથી સાભાર

## હિન્દુ મંદિરના સંચાલકોનું સંમેલન, તા. ૧૭-૧૮ ઓગસ્ટ ૨૦૧૨, સાનહોઝે એરપોર્ટ ગાર્ડન હોટલ ખાતે પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજનું સમાપન સંભાષણ અને આશીર્વચન

દિવ્ય અમર આત્માઓ !

પરમ આદરણીય સંતો, મહંતો અને હિન્દુ મંદિરના સર્વે સંચાલકો, આપણા પ્રિય અને મહાન રાષ્ટ્ર ભારતવર્ષથી આ પ્રસંગે ખાસ પધારેલા આદરણીય શ્રી અશોક સીંગલજી મહારાજ.

આપ સહુના હૃદયમાં બિરાજિત પરમાત્માને મારા વિનમ્ર પ્રણામ. આપ સૌના હૃદયમાં સ્થિત પવિત્રતા, સત્ય અને હિન્દુત્વના પ્રેમને પુનઃ પુનઃ નમસ્કાર. મારા સદ્‌ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજ અને પરમકૃપાળુ ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનાં શ્રીચરણોમાં પ્રણામ. તેમની પવિત્ર સ્મૃતિ અને આશીર્વાદથી આજે અત્રે આપની સૌની સેવામાં તેમનો આ દાસ-કિંકર તેમને પુનઃ પુનઃ પ્રાર્થે છે કે તેઓ આપણો માર્ગ પ્રશસ્ત કરે.

આજે પવિત્ર પુરુષોત્તમ મહિનાનો પ્રથમ દિવસ છે, ચાલો, પહેલાં થોડું પ્રભુસ્મરણ કરીએ.

ગોવિંદ ગોવિંદ ગોવિંદ ગોવિંદ ગોવિંદ ગોવિંદ ગોવિંદ રાધે...

(હાથ ઊંચા કરો, તાળી પાડો અને હરિનામ પ્રેમથી ગાઓ.)

ૐ સહ નાવવતુ । સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ । તેજસ્વિ નાવધીતમસ્તુ । મા વિદ્વિષાવહૈ। ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ । હરિઃ ૐ શ્રી ગુરુભ્યો નમઃ । હરિઃ ૐ ॥

અભિનંદન. આ સુંદર સભા અને પરસ્પર વાર્તાલાપના સત્રના આયોજન માટે ફરીથી અભિનંદન.

આજે વહેલી સવારથી મને આપને સૌને સાંભળવાની તક મળી છે. આપ સૌ આપણી સંસ્કૃતિ, સંસ્કાર, આપણાં મંદિરોના ઉત્કર્ષ અને અભ્યુદય માટે આતુર છો, તે જાણ્યું, જોયું અને સાંભળ્યું. સવારથી અહીં જે ચર્ચા થઈ તેમાં પ્રમુખત્વે આપણે આપણાં મંદિરોની પ્રવૃત્તિને કેવી રીતે વેગ આપી શકીએ ? આપણા બધા તેમ જ મંદિર વ્યવસ્થાપકો વચ્ચે સંવાદિતા કેમ જળવાય ? મંદિરોની પૂજા પદ્ધતિ કેવી રીતે એક સરખી થઈ શકે ? વગેરે પ્રશ્નોની ખૂબ જ ઝીણવટથી ચર્ચા થઈ.

સૌથી પહેલાં આપણે જે વૈદિક મંત્ર, કઠોપનિષદનો શાંતિમંત્ર બોલ્યા, તે વિશે વિચાર કરીએ. આ મંત્ર જ આપણા બધા જ પ્રશ્નોનો જવાબ છે. 'આપણે સાથે મળીને કામ કરીએ, કામની પૂર્તિ માટે સાથે મળીને મહેનત કરીએ, કામને સાથે જ પૂરું કરીએ. કામની સમાપ્તિમાં સાથે જ તેનું શ્રેય લઈએ. આ કામ દરમિયાન અમારી વચ્ચે કોઈ ગેરસમજણ કે વિખવાદ ન થાય. અમોને બધા પ્રકારની શાંતિ મળે.' વગેરે.

અહીં જ સૌથી પહેલી સમસ્યા છે. શું આપણને સૌની સાથે મળીને કામ કરવાનું ગમે છે ? આપણે આપણાં મંદિરોના સર્વે સમાગમોમાં સૌની સાથે ઊભા રહીએ છીએ. શ્રુતિના શબ્દોને વાગોળો. 'દ્વે વિદ્યે વેદિતવ્યે પરાશ્ચૈવ અપરા ચ.' સંસ્થાના સુચારુ સંચાલન માટે ઈહલોક અને પરલોક બંનેનું જ્ઞાન હોવું આવશ્યક છે. આપણા સંસ્થાસંચાલન સાથે આધ્યાત્મિક જ્ઞાન પણ હોવું જરૂરી છે, કારણ કે આપણી સંસ્થા માત્ર સામાજિક સંસ્થા નથી. આધ્યાત્મિક સંસ્થા પહેલાં છે. મંદિરની વ્યવસ્થામાં રહેનારાઓ માટે પોતાનાં નિજી જીવનની વ્યવસ્થામાં સંતુલન હોવું આવશ્યક છે. દુર્ભાગ્યે મંદિરના વ્યવસ્થાપકો મંદિરના સેવકો હોવાને બદલે 'બોસ' થઈને જ મંદિરમાં આવતા હોય છે. આવા વ્યવસ્થાપકોને સત્સંગ, ભજન, ધૂન, જપ, ધ્યાન કે પ્રાર્થનામાં કોઈ રસ હોતો નથી. જ્યાં સુધી આપણાં જીવન પ્રભુપરાયણ ન હોય ત્યાં સુધી મંદિરોમાં કદીયે સંવાદિતા કે ઉત્કર્ષ સંભવી જ ન શકે. જો વ્યવસ્થાપકો એમ જ માને કે હું વ્યવસ્થા બોર્ડનો સભ્ય છું, ટ્રસ્ટી છું, મને સૌને ધમકાવવાનો અધિકાર છે, અને ગમે ત્યારે હું મંદિરમાં જઈને પૂજારીઓને પણ બધાંની વચ્ચે ધમકાવી શકું છું અને તેમની સાથે ગમે તેવો બીભત્સ વ્યવહાર કરી શકું છું, તો આપણાં મંદિરો માત્ર પથ્થર, ચૂનો, સીમેન્ટ કે મારબલની ઈમારતો જ માત્ર રહી જશે. અરે ! પ્રભુનું સ્વરૂપ તો પ્રેમસ્વરૂપ છે. ઈશ્વર સત્ય સ્વરૂપ છે. ઈશ્વરનું સ્વરૂપ પવિત્રતા છે. ઈશ્વરની પ્રાપ્તિ સંપૂર્ણ શરણાગતિમાં જ છે. તે માટે હવે આપણે જાગૃતિપૂર્વક આ વૈદિક મંત્રને વાગોળવો જ પડશે.

'સંગચ્છધ્વં સંવધત્વં સંવોમનાંસિ જાનતામ્' આ

'સમ' શબ્દને જીવનમાં મહત્ત્વ આપીએ.

આપણા સંતો સુરદાસ, રૈદાસ, કનકદાસ, કબીરદાસ, તુલસીદાસ, રામદાસ કે નાનકદાસના નામથી ઓળખાયા. ગુરુ નાનકે તો કહ્યું, 'પ્રભો ! હું તારા ચાકરના ચાકરના ચાકરના જોડાની રાખ છું.' સંત ત્યાગરાજ કહે છે, 'ભૃત્યસ્ય ભૃત્યસ્યભૃત્ય હે રામ !'

માટે વિનમ્ર બનીએ. સરળ બનીએ. સહજ બનીએ અને અહંકારને જાગૃતિપૂર્વક દૂર રાખીએ. સત્તા અને શક્તિ તથા સ્વાર્થના પડળોમાં બંધાઈને મંદિરોની સેવા કદીયે કોઈ કરી શકે નહીં. આવી દુર્ભાગ્યપૂર્ણ હીન વૃત્તિના વમળમાં જ માત્ર હિન્દુ ધર્મ કે દેવસ્થાનો જ નહીં, સંપૂર્ણ હિંદુ ધર્મનું અધઃપતન થઈ રહ્યું છે. અમારા ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજ તેમના બુલંદ અવાજમાં આ અઢાર'તા'ઓનું ગીત ગાતા.

સ્વસ્થતા, નિયમિતતા, નિરાડંબરતા,
સહૃદયતા, નિખાલસતા, સત્યશીલતા;
સમતા, સ્થિરતા અને અનુત્તેજિતતા,
અનુકૂલનીયતા, નમ્રતા, ચીવટતા;
અખંડતા, કુલીનતા, મહાનુભાવતા,
દાનશીલતા, ઉદારતા અને નિર્મળતા,
રોજે રોજ આચરો આ અઢાર 'તા'ને
તમને તરતો તરત મળશે અમરતા;
બ્રહ્મ એ જ ફક્ત સાચું વ્યક્તિત્વ,
અમુક ભાઈ-બહેન એ ખોટું વ્યક્તિત્વ;
તમને મળશે શાશ્વતતા અને અનંતતા,
તમને લાધશે એકતા વિવિધતામાં,
આ મળશે નહિ કોઈ પણ વિશ્વવિદ્યાલયમાં.

ગીત માટે મંદિરોની સુચારુ વ્યવસ્થા માટે આજે જો કોઈ પણ પ્રથમ પ્રાથમિક અને અનિવાર્ય આવશ્યકતા હોય તો મંદિરોના વ્યવસ્થાપકો, ટ્રસ્ટીઓ સાત્વિક વૃત્તિના હોય અને ન કે પોલીસ જમાદાર જેમ દંડો ખખડાવતા હોય !

તેમણે મંદિરોમાં નિયમિત આવવું જોઈએ. મંદિરોની બોર્ડની મિટિંગ્સમાં જ નહીં પરંતુ વાર-તહેવારે અને ઉત્સવોમાં આવી સેવા પણ કરવી જોઈએ, જો તેઓ માલિકીપદ છોડીને સેવક તરીકે મંદિરમાં આવતા થશે, તો મંદિર સંચાલનની બધી જ સમસ્યાઓનું સમાધાન થઈ જશે.

જ્યાં સુધી યુવકોને મંદિર પ્રવૃત્તિમાં રસ લેતા કરવાનો પ્રશ્ન છે, તો મારે ખૂબ જ વિનમ્રભાવે કહેવાનું કે હવે પછી ગર્ભાધાન પૂર્વે જ બાળકને મંદિર પ્રવૃત્તિમાં રસ લેતું કરવું જોઈએ. માતાપિતાની પ્રવૃત્તિ આધ્યાત્મિક હશે, તો બાળકોમાં તે પવિત્ર સંસ્કારોનું સિંચન કરવાને મથામણ કરવી પડશે નહીં.' પાકે ઘડે કાંઠાં ન ચઢે.' માતાપિતા પ્રભુ પરાયણ બને. ભક્તિમય જીવન જીવે. તેમનાં જીવન આપણી સંસ્કૃતિ અને સંસ્કારથી સભર હોય તો બાળકો ભાવિ ભારતના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવશે જ. દુર્ભાગ્યે માતા પિતા બાળકોને જન્મ જ આપે છે, જીવન આપતાં નથી. જીવન એટલે માત્ર મૃત્યુભણી યાત્રા નથી, મૃત્યુંજય થવાનો રાજમાર્ગ છે.

અત્યારે આપણે પૂજ્ય સ્વામી વિવેકાનંદજીની સાર્ધશતાબ્દિ ઉજવી રહ્યા છીએ, ત્યારે તેમના શબ્દોને વાગોળીએ. 'નિર્ભય થઈને સત્યનું ઉચ્ચારણ કરો. તેનાથી કોઈને દુઃખ થશે તો ! તો ભલે થાય. નિર્બળતા કદીયે દેખાડશો નહીં. જો કહેવાતા બુદ્ધિમાનોથી આ કડવું સત્ય સહન ન થાય અને તેઓ ચાલ્યા જવા માગે તો જવા દો, તેનો કાયમી નિકાલ કરો. આ કામ જેટલું વહેલું થાય તેટલું સારું.'

માટે સત્યના હિમાયતી બનીએ. માનવ સેવામાં માધવ સેવા છે, પરંતુ સેવક બનીએ. પરસ્પર સૌ સાથે પ્રેમભર્યા સંબંધો રાખીએ. ઉદાર બનીએ. જ્યારે આપણા વિચાર, વાણી, વર્તનમાં પવિત્રતા આવશે, ત્યારે જ આપણે આપણી પવિત્ર માતૃભૂમિ ભારતનો ધ્વજ વિશ્વના આકાશમાં ફરકાવી શકીશું, ત્યારે આપણે આપણા ગૌરવસભર રાષ્ટ્ર ધર્મ-હિન્દુ ધર્મનું સંરક્ષણ કરીશું, યાદ રાખો, ધર્મની રક્ષામાં જ આપણું સંરક્ષણ છે.

આપણી સભા એક કલાક મોડી થઈ છે. છતાં આપ સૌએ મને શાંતિથી સાંભળ્યો, તે માટે અને આપની ઉપસ્થિતિ તથા સમયદાન માટે ધન્યવાદ. આપ સહુના હૃદયમાં બિરાજિત પરમાત્માને પ્રણામ.

કૃપા કરીને સૌ ઊભા થાઓ. માથું ઢાંકો. મિલ્વાકી ગુરુદ્વારામાં આપણાં શીખભાઈ-બહેનોની જે નિર્મમ હત્યા થઈ છે, તેમની સૌની આત્મશાંતિ માટે આપણે પ્રાર્થના કરીએ... તુ ઠાકુર તુમ પે અરદાસ - જીઉં પીંડ સબ તેરી રાસ......

અને અંતે આ સમગ્ર સમારોહના સંયોજક હિન્દુ મંદિર એક્ઝિક્યુટિવ પરિષદના પ્રમુખનું શાલ ઓઢાડીને સન્માન કરતાં ગૌરવ અનુભવું છું. ૐ શાંતિ.

## પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની દિવ્ય યાત્રા-૨૦૧૨નો અહેવાલ.
## ઓગસ્ટ-સપ્ટેમ્બર - ૨૦૧૨

**કરણી-ન્યૂજર્સી :** સુપ્રસિદ્ધ હિન્દુ મંદિર-કરણી ખાતે પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે શિવપુરાણમાં દ્વાદશ જ્યોતિર્લિંગની કથા જુલાઈ ૩૧થી ઓગસ્ટ ૨જીની સાંજ સુધી ત્રણ દિવસ કરી. પૂજ્ય સ્વામીજીના આગમન સમયે મંદિરના ટ્રસ્ટીઓ, ભક્તો અને પૂજારીઓ દ્વારા પરંપરાગત પૂર્ણકુંભ સાથે સ્વાગત કરવામાં આવ્યું. દરરોજ સવારે સ્વામીજીએ યોગવર્ગોનું સંચાલન પણ કર્યું. તદુપરાંત જન્માષ્ટમીની રાત્રે પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિમાં હજારો ભક્તોએ આ પવિત્ર ઉત્સવ ધામધૂમથી ઉજવ્યો. પૂજ્ય સ્વામીજીએ શ્રીકૃષ્ણનાં જીવન-કવન અને ગીતોપદેશ વિશે ખૂબ જ મનનીય પ્રવચન કર્યું. પૂર્ણાહુતિ અને શ્રીકૃષ્ણ પ્રાકટ્ય સમયે હરિનામ કીર્તનની હેલી જગાવી સૌને ભક્તિરસમાં તરબોળ કર્યા.

તેમના શિવ પ્રાકટ્ય સંબોધનોમાં પૂજ્ય સ્વામીજીએ કહ્યું કે, 'શિવને અહીં કે ત્યાં પ્રાકટ્ય કે અપ્રાકટ્ય જેવું કશું નથી, કારણ કે આ જગતમાં જે કંઈ શુભ, સુંદર પવિત્ર છે, તે બધું સાક્ષાત્ શિવ જ છે. ભક્તોની ભક્તિ અને તેમના મનની આસ્થા પ્રમાણે તેઓ પ્રત્યક્ષ થતા હોય છે. શિવ સર્વત્ર છે, સર્વાન્તર્યામી છે. સર્વજ્ઞ છે. પ્રભુ પ્રત્યે આપણી પરાયણતા જેટલી તીવ્ર તેટલું તેમનું પ્રત્યક્ષત્વ વધુ સચોટ. 'દિદાર તો વહ દેતે હી રહેતે હૈ, કોઈ ખુદીમેં દિદાર ન કરે તો ખુદા ક્યા કરે ?'

શ્રી નીતિનભાઈ દેસાઈ (ટ્રસ્ટી), શ્રીમતી તેજલબેન અને શ્રી અમિતભાઈ શાહ તથા શ્રી સુરેશભાઈ પટેલે આ સમગ્ર કાર્યક્રમ માટે ખૂબ જ જહેમત ઉઠાવી. આભાર.

**ન્યૂયોર્ક :** અમદાવાદ ગીતામંદિરની એક પ્રશાખા ગીતામંદિર ન્યૂયોર્કમાં પણ છે. ત્યાંના મહામંડળેશ્વર પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી સત્યાનંદજી મહારાજના નિમંત્રણને માન આપીને પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ ત્રીજી ઓગસ્ટની બપોરે અહીં પધાર્યા હતા. ત્રીજી અને ચોથી ઓગસ્ટે સાંજે તેમનાં આધ્યાત્મિક પ્રવચનો અત્રે આયોજાયાં, જેનો ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો.

પૂજ્ય સ્વામીજીએ કહ્યું, 'ગીતાજીનો સ્વાધ્યાય નિત્ય કરો. જીવનમાં ઉદાસીનતા, સમસ્યાઓ, રાગદ્વેષ અને ક્રોધ તો હવે દૈનિક જીવનના સંગી સાથી થયા છે. ગીતા નિષ્કામ અને નિષ્કપટ જીવનની આલબેલ કરે છે. ગીતા ભક્તિની શક્તિનો શંખનાદ કરે છે. ગીતા અજ્ઞાનનાં પડળો તોડી જ્ઞાનના માર્ગે આરોહણ કરવાની હાકલ કરે છે. ગીતા તો જીવન પાથેય છે. વર્તમાન માનવના જીવનમાં પથરાયેલાં અજ્ઞાનના અંધકારને ગીતા અજવાળે છે. ગીતા જીવનપથ છે. વગેરે.

**ટોમ્સ રીવર (ન્યૂજર્સી) :** ડૉ. નિક, ડૉ. શેરોન અલીટ અને શ્રી એડ દ્વારા અત્રે ઓગસ્ટની પાંચમી તારીખથી દસમી ઓગસ્ટ સુધી કાર્યક્રમોનું આયોજન થયું.

ટોમ્સ રીવરના સાર્વજનિક સ્વાસ્થ્ય પરિસરમાં પૂજ્ય સ્વામીજીના સ્વાસ્થ્ય પરક યોગ પ્રશિક્ષણનો પ્રારંભ મેયર સન્માનનીય શ્રીમતી અને શ્રી કેલ્હારના દીપ પ્રજ્વલનથી થયો. ટોમ્સ રીવરના સુપ્રસિદ્ધ કુલ-કમલ-યોગ સ્ટુડિયો સિવાય અન્ય અનેક યોગવર્ગોમાં સ્વામીજીએ યોગસત્રોનું સંચાલન કર્યું. ડૉ. નિકના નિવાસસ્થાને એક વિશેષ પ્રવચન સમારંભ આયોજાયો, તેમાં પણ સન્માનનીય શ્રીમતી અને શ્રી કેલ્હાર ઉપસ્થિત રહ્યા. તદુપરાંત અનેક અપંગ વૃદ્ધ આશ્રમોમાં જઈને પૂજ્ય સ્વામીજીએ વડીલ દાદાદાદીઓને આનંદ આપ્યો.

**મેસેજુસસ (બોસ્ટોન) :** વડોદરાની બાજુમાં આવેલાં કાયાવરોહણના સુપ્રસિદ્ધ સંત શ્રી કૃપાલ્વાનંદજી મહારાજને તેમના જીવનના અંતિમ દિવસોમાં અત્રે લઈ આવેલા. તેમની સ્મૃતિમાં અત્રે 'કૃપાલુ' નામનું ખૂબ જ મોટું અને વ્યવસ્થિત યોગ પ્રશિક્ષણનું શિક્ષા સંસ્થાન આ કૃપાલુ-મેસેજુસસ-બોસ્ટોન ખાતે છે. અહીં સાધારણ પ્રારંભિક યોગ પ્રશિક્ષણથી આરંભીને બસ્સો કલાકનો યોગ કોર્ષ કે પાંચસો કલાકનો કોર્ષ એમ

પ્રશિક્ષણ આપવામાં આવે છે. શાકાહારી ભોજન વૈદિક પરંપરાનું પણ આધુનિક ગુરુકુળ જેવું સ્થાન એક વિશાળ જગ્યામાં આશરે બે હજાર વિદ્યાર્થીઓને એક સાથે શિક્ષણ આપી શકે તેવી સુંદર વ્યવસ્થા છે. કદાચ યોગ શિક્ષણ માટે આટલું પદ્ધતિસરનું, વ્યવસ્થિત અને વિશાળ કોઈ સંસ્થાન ભારતમાં કે બીજે ક્યાંય આ પૂર્વે જોવામાં આવ્યું નથી. પૂજ્ય સ્વામીજી અહીં અતિથિવિશેષ તરીકે પધાર્યા, રાત્રે બધા યોગ મુમુક્ષુઓ અને અધ્યાપકો વચ્ચે 'યોગ- એ જ જીવન પથ' વિષયક ખૂબ જ ગહન ચિંતનાત્મક ઉદ્‌બોધન પૂજ્ય સ્વામીજીએ કર્યું. જન્માષ્ટમીની પૂર્વ સંધ્યાએ આયોજાયેલ આ કાર્યક્રમમાં સ્વામીજીએ મન મૂકીને હરિનામની હેલી જગાવી.

**ફ્રીહોલ્ડ (ન્યૂજર્સી) :** બ્રહ્મલીન પૂજ્ય શ્રી સ્વામી વિષ્ણુદેવાનંદજી મહારાજની પ્રેરણાથી આ યોગ સંસ્થાનની સ્થાપના થઈ છે. અહીં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ સિવાય, બ્રહ્મલીન પરમહંસ સ્વામી સત્યાનંદજી મહારાજ (શિવાનંદ આશ્રમ, મોંઘીર, બિહાર)ના શિષ્ય સ્વામી શાંતિમૂર્તિ અને સ્વામી વિષ્ણુદેવાનંદજી મહારાજના શિષ્યશ્રી આચાર્ય કૃષ્ણદાસ તથા સેંકડો ભક્તોનું આ શિવાનંદ પરિવારનું મિલન હતું. અહીં પૂજ્ય સ્વામીજીએ ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજનાં જીવન અને આધ્યાત્મિક પથે સાધનાની પરમોચ્ચ આવશ્યકતા વિશે ખૂબ જ મનનીય ઉદ્‌બોધન કર્યું.

**બ્રુન્ટન (ન્યૂજર્સી) :** શ્રીમતી વિમલ અને શ્રી પપ્પુશોઘાનીજી સત્સંગી જીવો છે. દર શનિવારે તેમને ત્યાં મુમુક્ષુઓ ભેગા થઈને જપ, ધ્યાન, આસન, પ્રાણાયામ અને સત્સંગ કરે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ અચૂક પૂજ્ય સ્વામીજીને પોતાને ત્યાં નિમંત્રિત કરે છે. ન્યૂજર્સી રાજ્યના એક ઉત્તર છેડે તેઓ એકાંતમાં શાંત જીવન ગાળે છે. જન્માષ્ટમીની મોડી રાત્રે બે વાગ્યે પૂજ્ય સ્વામીજી તેમને ત્યાં પહોંચ્યા. તા. ૧૧મી ઓગસ્ટની સવારે તેમને ત્યાં આઠથી દસ વાગ્યા સુધી આસન, પ્રાણાયામ, ધ્યાન, કીર્તન અને સત્સંગ થયાં. પૂજ્ય સ્વામીજીએ કહ્યું, 'ગુરુવાણી કહે છે, ઈક હાથ કાર વર તે દૂજા કરતાર વર. એક હાથે જગતનું કામ કરવું પરંતુ બીજા હાથથી શ્રી પ્રભુનાં ચરણ પકડી રાખવાં. ગૃહસ્થ એટલે જે ઘરમાં સ્થિર છે તે, આ ઘર વૈકુંઠ છે. પ્રભુનું ધામ છે. જ્યાં પરસ્પર પ્રેમ, સેવા, પરોપકાર છે, ત્યાં જ પ્રભુનો નિવાસ છે. તમો સૌનાં જીવન આ પૃથ્વી પરનાં વૈકુંઠવાસનાં જીવન છે, તેનું સાતત્ય સાધનાથી જ જાળવી શકાશે. શનિવારના સામૂહિક સત્સંગ ઉપરાંત દરરોજ વ્યક્તિગત જીવનમાં શ્વાસે શ્વાસે પ્રભુ સ્મરણનો આશ્રય છોડવો નહીં', વગેરે.

**વેસ્ટ ઓરેન્જ (ન્યૂજર્સી) :** અગિયારમી ઓગસ્ટે શ્રીમતી ઈસુ અને શ્રી નરેશ લાલાને ત્યાં સવારે અગિયાર વાગ્યાથી બપોરે એક વાગ્યા સુધી સત્યસાંઈ પરિવારનો સત્સંગ પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિમાં થયો. પૂજ્ય સ્વામીજીએ શ્રી સત્યસાંઈ સાથેના પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં. મધ્યાહ્‌ન મહાપ્રસાદ પછી સૌ આનંદવિભોર થઈને ઘરે ગયા.

**લોદી (ન્યૂજર્સી) :** જાન્યુઆરી મહિનામાં જ પૂજ્ય સ્વામીજીને અમેરિકા આવવા માટે શ્રીમતી તેજલ અને શ્રી અમીત શાહનું ભાવભર્યું નિમંત્રણ મળ્યું. તેમની દીકરી રુચિ (ઉં.વ.૧૩)નું આરંગેત્રમ તેઓ શનિવાર અગિયાર ઓગસ્ટની ઢળતી બપોરે આયોજવા માગતા હતા. આમ અમેરિકા તથા લંડન, જર્મની અને કેનેડાનો દિવ્ય યાત્રા-૨૦૧૨નો કાર્યક્રમ આયોજાયો.

અમદાવાદમાં જેટલાં આરંગેત્રમ દર વર્ષે થાય છે, તેટલાં કદાચ બીજે ક્યાંય પણ ભાગ્યે જ થતાં હશે. પરંતુ અમેરિકામાં એક કુચીપુડી, બીજું ભરતનાટ્યમ્ અને ત્રીજું મૃદંગવાદનનું જે ઉચ્ચસ્તરીય પ્રસ્તુતિકરણ જોયું, તેની પ્રશસ્તિ કરવી જ પડે. કલાગુરુ શ્રીમતી ચંદ્રકલા રાઘવનની બે શિષ્યા કુ. રુચિ અને કુ. ઊર્મિનો આ કાર્યક્રમ સાંજે ૪-૩૦થી રાત્રે ૧૦-૩૦ સુધી ચાલ્યો. સર્વસાધારણ અને જનમાન્ય ભરતનાટ્યમ્ કૃતિઓ અલારીપુ, જતિસ્વરમ્, શબ્દમ્ શ્લોકમ્ વર્ણનમ્ કે તિલ્લાના ઉપરાંત બીજી ચાર કૃતિઓ પ્રસ્તુત થઈ. છ વખત વેષભૂષા પરિવર્તન થયું. તે પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ બોલતાં કહ્યું, 'ભરતના નૃત્ય-નાટ્યશાસ્ત્રના નિયમનું અહીં સંપૂર્ણ શુદ્ધ અને સુરુચિપૂર્ણ પાલન કરવામાં આવ્યું છે. નાટ્યશાસ્ત્રનો નિયમ છે,

'યતો હસ્તઃ તતો દૃષ્ટિ હી, યતો દૃષ્ટિઃ તતો મનઃ ।
યતો મનઃ તતો ભાવઃ યતો ભાવઃ તતો રસઃ ॥

જ્યાં હાથ હોય ત્યાં જ દૃષ્ટિ અને જ્યાં દૃષ્ટિ હોય ત્યાં મન, જ્યાં મન હોય ત્યાં જ ભાવ અને જ્યાં ભાવ હોય ત્યાં જ રસ નિપજે.

કંઠેનાલંબયેત્ ગીતમ્ હસ્તેનાર્થમ્ પ્રદર્શયેત્ ।
ચક્ષુભ્યામ્ દર્શયેત્ ભાવમ્ પાદાભ્યામ્ તાલમાચરેત્ ॥

ગાયકવૃંદની સાથે નર્તકના ગળામાં પણ ગીત હોવું જોઈએ અને હાથની મુદ્રાઓથી અર્થનું પ્રદર્શન થવું જોઈએ. આંખોથી ભાવ અને પગમાં તાલનું આચરણ જ નર્તકની શ્રેષ્ઠતા છે.'

ચિ. બહેન રુચિ શાહ અને ચિ. બહેન ઊર્મિનાં નૃત્યોનું સમગ્ર પ્રસ્તુતિકરણ બહુ જ ઉચ્ચ કોટીનું હતું. અભિનંદન.

**રીવર સાઈડ (લોસ એન્જલ્સ) :** લક્ષ્મીનારાયણ મંદિરમાં દરરોજ સાંજે ૬-૩૦ થી ૮-૩૦ સુધી પૂજ્ય સ્વામીજીના સત્સંગો આયોજાયા. પૂજ્ય સ્વામીજી અહીં ઓગસ્ટ બારથી સત્તર ઓગસ્ટ સુધી છ દિવસ રહ્યા. અનેક ભક્તોને ત્યાં પધરામણી અને સત્સંગ ઉપરાંત પૂજ્ય સ્વામીજી BAPSના શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવમાં રવિવારે તા.૧૨મી ઓગસ્ટે ગયા. ત્યાં સંતોને મળીને તથા શ્રીજી મહારાજને પારણે ઝુલાવીને આત્મીય આનંદ માણ્યો.

અહીંના ઉદ્‌બોધનોમાં પૂજ્ય સ્વામીજીએ દૈનિક જીવન અને સાધના પર પ્રકાશ પાડ્યો. સ્વામીજીએ કહ્યું, 'ભાગ્યવાન છો કે કોઈ પણ પ્રકારની ધાંધલ ધમાલ વગર ખૂબ જ શાંત અને સ્વચ્છ વાતાવરણમાં રહેવાનું સૌભાગ્ય પ્રભુએ તમો સૌને આપ્યું છે. કામ તો કરવું જ પડશે. આખોય દિવસ બેસીને સાધુસંતો પણ ધ્યાન કે ભજન કરતા નથી. આ વિશ્વ પ્રભુનું પ્રગટ સ્વરૂપ છે. જીવનમાં સંઘર્ષ તો આવશે. તો શું થયું ? સૂર્યનો ઉદય હોય તો અસ્ત પણ હોય, દરિયામાં ભરતી હોય તો ઓટ પણ આવે, આ બધું આરોહ અવરોહ જીવનમાં રહેવાનું જ છે. તેથી નાસીપાસ થવાની જરૂર નથી. દીનતા દેખાડશો નહીં. પલાયન થશો નહીં. મજબૂત પહાડ જેમ સ્થિર રહી શકે છે તેમ જીવન ઝંઝાની આંટીઘૂંટીમાં પણ સ્વસ્થતા કેળવી શકાય છે. પરંતુ તે માટે આપણી આધ્યાત્મિક સાધનાનાં મૂળ ઊંડાં હોવાં જોઈએ. નિત્ય જપ, ધ્યાન, આધ્યાત્મિક ગ્રંથોનો સ્વાધ્યાય, દરરોજ થોડી નિષ્કામ સેવા અને સરળ તથા નિષ્કપટ પારદર્શી જીવન થકી પ્રભુ કૃપાની પ્રાપ્તિની અનુભૂતિ અહીં જ થઈ શકે છે, તે નિર્વિવાદ સત્ય છે.' ૐ શાંતિ.

ડૉ. વિનોદ રાણા, ડૉ. અર્ચના શેઠ, શ્રીમતી શુચિ અને ડૉ. હેમેન્દ્ર રાણા દ્વારા સઘળા કાર્યક્રમો ખૂબ જ ઉત્સાહભેર સમ્પન્ન થયા. સૌને ધન્યવાદ અને અભિનંદન. અહીંના નિવાસ દરમિયાન પૂજ્ય સ્વામીજીએ આંબા રોપ્યા. (વૃક્ષારોપણ કર્યું) ૐ શાંતિ.

**સાન હોઝે (કેલિફોર્નિયા) :** સાતમી હિન્દુ મંદિર એક્ઝિક્યુટિવ કોન્ફરન્સ અત્રે સાન હોઝે એરપોર્ટ ગાર્ડન હોટલમાં આયોજાઈ. તેમાં સમગ્ર અમેરિકાના વિવિધ હિન્દુ મંદિરોના અધિક્ષકો ૩૫૦થી વધુ સંખ્યામાં હાજર રહ્યા. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ, ભારતથી શ્રી અશોક સીંગલ પણ ઉપસ્થિત થયા. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે આ બે દિવસની આંતર-શોધન પરિષદનું સમાપન અને આશીર્વચન કર્યું. (આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીનું આ ઉદ્‌બોધન પાના નં. ૨૨ ઉપર છે) ઓગસ્ટની ૧૭ અને ૧૮ તારીખે આયોજાયેલી આ પરિષદની પૂર્ણાહુતિ પંદરમી ઓગસ્ટના ઉત્સવની ઉજવણી રવિવાર તા.૧૯મી ઓગસ્ટના હિન્દુમેળા અને વિશાળ શોભાયાત્રા (પરેડ)થી થઈ.

હિન્દુ મંદિર એક્ઝિક્યુટિવ સમિતિ ઉપરાંત સાન હોઝેના કાઉન્સ્લેટ જનરલ શ્રી પાર્થ સારથીના નિમંત્રણે પૂજ્ય સ્વામીજી પણ આ શોભાયાત્રામાં જોડાયા. ભગવાન જગન્નાથજીના રથને ખેંચી, આત્મ ઉત્કર્ષની અનુભૂતિ કરી. શ્રી પાર્થસારથી (આઈએફએસ) સિવાય મુંબઈ-બોલિવૂડના કલાકારો તથા વર્ષ ૨૦૧૧ના ઇમેજ ઓફ ઇન્ડિયા-સારેગમપના સુપ્રસિદ્ધ ગાયક શ્રી મોહિત લાલવાની પણ આ પરેડમાં સામેલ થયા.

હિન્દુ-વૈષ્ણવ મંદિર અને ફ્રી મોન્ટ મંદિરમાં પૂજ્ય સ્વામીજીનાં ચાર પ્રવચનો ઉપરાંત અમદાવાદના શ્રીમતી જયશ્રીબેન પટેલના નિવાસસ્થાને સવારે તથા તેમની સુપુત્રી શ્રીમતી નર્તન રાહુલના નિવાસસ્થાને રાત્રે વિશેષ સત્સંગોનું આયોજન થયું.

**ફીનીક્ષ (એરીઝોના) :** શ્રીમતી શની અને શ્રી માઈકલ દ્વારા અહીં બે કાર્યક્રમો આયોજાયા. જેમાં એક જાહેર કાર્યક્રમ 'પ્રાણ-જ્ઞાન' હોલીસ્ટીક હેલ્થ અને વેલ્નેસસેન્ટર ટેમ્પે ખાતે આયોજાયો. અહીં પૂજ્ય સ્વામીજી ૨૧થી ૨૩ ઓગસ્ટ સુધી રહ્યા.

**કોર્પસ ક્રીસ્ટી (ટેક્ષાસ) :** પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજના ભક્ત પરિવાર સાથે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનો બે દાયકા જુનો ઘરોબો છે. આ પરિવારનાં ઉદાર દાનથી જ બ્રહ્મલીન શ્રીમત્ પવિત્રાનંદજી મહારાજે શિવાનંદ આશ્રમમાં રસોડું ચાલુ કર્યું હતું. આ પરિવાર દ્વારા શ્રી અષ્ટલક્ષ્મીભવનમાં માતાજીને સૌથી પહેલાં વસ્ત્રો પહેરાવાયાં.

આદરણીય શ્રી રામભાઈ અને માતૃસ્વરૂપ મણિબાની સ્મૃતિઓ કદી વિસ્મૃત કરી શકાશે નહીં. તેમના પરિવારની યાત્રા અને દર્શન એ પવિત્ર તીર્થનાં દર્શનનો લહાવો છે. અહીં પૂજ્ય સ્વામીજી તા.૨૪થી ૨૬ ઓગસ્ટ સુધી રહ્યા. સૌ સાથે સત્સંગ કરી દિવ્ય આનંદ માણ્યો.

**ફેરફીલ્ડ (આયોવા) :** મહર્ષિ મહેશ યોગી સંસ્થાપિત અત્રેની મહર્ષિ મહેશ આયુર્વિજ્ઞાન ધ્યાન વિશ્વવિદ્યાલયમાં દરરોજ છ કલાક સુધી એક સાથે બે હજાર મુમુક્ષુઓ ધ્યાન કરે છે. દરરોજ ભારતમાંથી બોલાવવામાં આવેલા એક હજાર પંડિતો વૈદિક યજ્ઞ કરે છે. અહીંના મહર્ષિ મહેશ યોગી સ્વાસ્થ્ય વિભાગના વડા ડૉ. રાજ રોજર્સ સાથે પૂજ્ય સ્વામીજીની ખાસ મુલાકાત થઈ. મોર્નિંગ સ્ટાર સ્ટુડિયોમાં સ્વામીજીનાં પ્રવચનો આયોજાયાં. આ સમગ્ર આયોજન માટે શ્રીમતી પન્ના અને શ્રી દિપક બક્ષીને ધન્યવાદ.

**મીલવોકી :** મીલવૉકી ખાતે પૂજ્ય ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ સાત વખત આવીને રહ્યા હતા. પહેલી વારની તેમની યાત્રામાં ખાસ્સા બે મહિનાથી અધિક શ્રીકોંડાને ત્યાં રહીને યોગ શિક્ષણ આપ્યું હતું તથા પતંજલિ યોગ દર્શનનાં પ્રવચનો આપ્યાં હતાં. અહીંના રેડિયો સ્ટેશન પરથી તેમના પ્રવચનોનું પ્રસારણ થયું હતું અને વર્તમાનપત્રોએ તેમની ઉપસ્થિતિની વિશેષ નોંધ લીધી હતી. તેમની આ યાત્રાઓમાં શિવાનંદ આશ્રમ, ધિ ડિવાઈન લાઈફ સોસાયટીના વર્તમાન પ્રમુખ શ્રીમત્ સ્વામી વિમલાનંદજી મહારાજ પણ છ વખત મીલવૉકી પધાર્યા હતા.

અહીંના હિન્દુ મંદિરમાં પૂજ્ય સ્વામીજી આ વર્ષે ચોથી વખત પધાર્યા. તા.૨૮મી ઓગસ્ટની સાંજે મંદિરના ટ્રસ્ટીઓ, ભક્તો અને પૂજારીજીઓ વડે વૈદિક પરંપરાગત સ્વાગત-પૂર્ણકુંભ સાથે કરવામાં આવ્યું. તા.૨૮-૮ થી ૩૧-૮ સુધી દરરોજ સાંજે ૬-૩૦થી ૭-૩૦ યોગવર્ગ અને ૭-૩૦ થી ૮-૩૦ સુધી પ્રવચનો-સત્સંગ થયાં. (૧) માનસિક શાંતિથી જ હૃદયની સ્વસ્થતા (૨) દૈનિક જીવનમાં ભગવદ્ગીતા (૩) ઉપનિષદોનું અમૃત (૪) ભાગવત રહસ્ય વગેરે વિષયો પર પૂજ્ય સ્વામીજીએ પ્રકાશ પાડ્યો. શનિવારે તા.૧લી સપ્ટેમ્બરે સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ સુધી યોગ-વર્કશોપ થયો. તેમાં એકસોથી વધુ મુમુક્ષુઓ ઉપસ્થિત થયા.

પૂજ્ય સ્વામીજીએ અત્રે કહ્યું, 'સંતો, ભક્તો અને પ્રભુપરાયણ મુમુક્ષુઓનો સંગ રાખવો. દુન્યવી છળકપટ કરનારાઓનો સંગ છોડવો. પ્રભુ પરાયણજીવનથી જ માનવતા સચવાશે. આંતરમન સાથે ઐક્ય કેળવાશે. દંભી જીવનથી દેખાતા માનવશરીરમાં પાશવતા પ્રગટતી જશે. માટે સત્ય પરાયણ બનો. કોઈ પણ સંજોગોમાં સત્યનો સથવારો છોડવો નહીં. સત્યથી મોટું જગતમાં કંઈ જ નથી. આ વિશ્વનું સૌથી મોંઘું ઘરેણું સત્ત્વ અને તત્ત્વ સત્ય છે. લોકો ભલે પૈસાદાર હોય, વાડીવજીફાવાળા હોય પરંતુ અસત્યની વેદી ઉપર ઊભેલા હોય તો તેમનો સંગ છોડવો વગેરે. ડૉ. મનોહર આહુજા, શ્રીમતી પ્રિયા અને તુલસી તથા શ્રીમતી અપર્ણા અને શ્રી હરિ રાઘવુલુને આ સમગ્ર કાર્યક્રમોનાં આયોજન માટે અભિનંદન.

૧લી સપ્ટેમ્બર, શનિવારની સવારે ૮-૦૦થી ૧૧-૦૦ વાગ્યા સુધી હિન્દુ ટેમ્પલ ઓફ મીલવોકી, વીસ્કોન્સીન ખાતે ત્રણ કલાકની યોગ-કાર્યશાળાના આયોજન બાદ પૂજ્ય સ્વામીજીએ શિકાગો તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં ગરની (ઇલીનોઈઝ) ખાતે શ્રીમતી અને શ્રી મહેન્દ્રભાઈ શાહને ત્યાં સત્સંગ અને પ્રસાદ બાદ શિકાગો ખાતે ડૉ. મિનળબેન અને ડૉ. ભરતભાઈના સુપુત્રી અ.સૌ. ડૉ. હેલીના લગ્ન સમારંભમાં હાજરી આપી પૂજ્ય સ્વામીજી શિકાગોથી લંડન રવાના થયા. ૐ શાંતિ.

**લંડન-અક્ષબ્રિજ (યુ.કે.)** : અનુપમ મિશન યુ.કે.ના કોઠારી-મહંત સ્વામી શ્રી હિંમત સ્વામી તથા મુક્તશ્રી અરવિંદભાઈએ લંડન હીથ્રો એરપોર્ટ પર પૂજ્ય સ્વામીજીનું રવિવાર તા.૨ સપ્ટેમ્બરની સવારે ભાવભીનું સ્વાગત કર્યું. અનુપમ મિશન અક્ષબ્રિજ ખાતે પૂજ્ય જસભાઈ સાહેબજી તથા અન્ય સર્વે મુક્તો અને સાધકો દ્વારા ખૂબ જ ઉષ્માભર્યાં સ્વાગત પછી મધ્યાહ્ન સત્સંગ અને આરતી થયાં. ત્યારબાદ તા.૨-૯થી તા. ૮-૯ સુધી દરરોજ રાત્રે આરતી પછી ૮-૩૦થી ૧૦-૩૦ સુધી કર્મયોગ (ગીતા અ.૩) પરમ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનાં પ્રવચનો થયાં. પૂજ્ય સ્વામીજી નાનપણથી સ્વામિનારાયણ સંપ્રદાયના સ્નેહભાજન રહ્યા છે, તેથી તેમના પ્રવચનોમાં વચનામૃત, શિક્ષાપત્રી, સ્વામીની વાતો, પૂજ્ય શાસ્ત્રી મહારાજ, યોગી મહારાજ અને પ્રમુખસ્વામીજી મહારાજે કરેલાં દિવ્ય કર્મોના ઉદાહરણો ઠસાઠસ ભરેલાં રહ્યાં.

આઠમી સપ્ટેમ્બરે રાત્રે શ્રી ગુરુભગવાન સ્વામી શિવાનંદજી મહારાજના ૧૨૬મા પ્રાકટ્ય પર્વે પૂજ્ય સ્વામીજી ઉપરાંત પૂજ્ય સાહેબજી, શ્રી શાંતિભાઈ, શ્રી અશ્વિનભાઈ, શ્રી સતીષભાઈ, અનુપમ મિશન યુ.કે.ના અધ્યક્ષ શ્રી વિનુભાઈ નાકરેજા અને મુક્તો તથા ભક્તોએ સત્સંગ-આશીર્દાન કર્યા.

**હેરો (યુ.કે.)** : દિવ્ય જીવન સંઘ, લંડનના ભક્તો દ્વારા પૂજ્ય શ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના ૧૨૬મા પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગેનો વિશાળ સત્સંગ શ્રીમતી કાંતાબેન, શ્રી હરિભાઈ અને ચિ. નીતિનને નિવાસસ્થાને થયો. સત્સંગ, પૂજા, અર્ચના, આરતી બાદ એકસોથી વધુ ભક્તોએ મહાપ્રસાદ પ્રાપ્ત કર્યો. મોડી સાંજે પૂજ્ય સ્વામીજી બ્રિસ્ટોલ જવા રવાના થયા. સવારે સત્સંગ પૂર્વે સ્વામીજી અને બધું વિશાળ ભક્ત મંડળ BAPSના નિઝડન મંદિર ખાતે ગયું; દર્શન સત્સંગ અને કથાવાર્તાનો લાભ લીધો.

**બ્રિસ્ટોલ (યુ.કે.)** : શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના શિષ્યરત્ન પૂજ્યપાદ શ્રી વેંકટેશાનંદ સ્વામીજીના શિષ્ય પરિવાર બ્રહ્મલીન શ્રી પ્રાણજીવનભાઈ અને પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની મૈત્રી ૩૮ વર્ષ જુની છે. જ્યારે પણ લંડન આવવાનું થાય ત્યારે થોડા કલાકો માટે પણ પૂજ્ય સ્વામીજી બ્રિસ્ટોલ અવશ્ય આવે છે અને આ દિવ્ય પરિવારનાં નાનાં મોટાં સૌ પરિજનો શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે દર વર્ષે આવીને થોડો સમય પૂજ્ય સ્વામીજીના સત્સંગનો લાભ લે છે. બ્રિસ્ટોલથી પૂજ્ય સ્વામીજી સાડા ત્રણ કલાકનું ડ્રાઈવ કરી ગુરુદેવના જુના ભક્તો કે જે હોસ્પિટલમાં લાંબા સમયથી છે, તેમને મળવા લેસ્ટર પણ ગયા હતા.

**વોલિંગ્ટન (યુ.કે.)** : રવિવાર તા.૧૬મી સપ્ટેમ્બરની વહેલી સવારે મુમુક્ષુઓનું એક મંડળ બોક્ષહિલ પર મળ્યું. ત્યાં પ્રાર્થના અને થોડી હળવી કસરત પછી લાંબું ચાલવાનું હતું. પ્રાકૃતિક સૌન્દર્યના આ અણમોલ ખજાનાના દર્શન પછી બપોરે ચાર વાગ્યે વિલ્સન ગ્રામર સ્કૂલ વોલિંગ્ટનના ભવ્ય સભાગારમાં ચિ. આકાશનું સિતારવાદન અને તબલાં પર સંગત ચિ. જયેશે કરી. શ્રી ઇલેશ પટેલના આ પુત્રરત્ને આ પૂર્વે પણ પૂજ્ય સ્વામીજીની સભાઓ અને સત્સંગમાં સિતારવાદનની સેવા કરી પૂજ્ય સ્વામીજીના આશીર્વાદ

પ્રાપ્ત કર્યાં હતા.

'Power of Communication' વિષય પર પૂજ્ય સ્વામીજીનું ખૂબ જ મનનીય પ્રવચન થયું. પૂજ્ય સ્વામીજીએ કહ્યું, 'કોમ્યુનિકેશનથી હતાશ વ્યક્તિમાં ચેતનાનું પ્રાગટ્ય કરી શકાય, બાળને પ્રેમાળ શબ્દોથી રમાડી શકાય, રાજી કરી શકાય, સુવાડી પણ શકાય. જ્યારે આકરા શબ્દ પ્રહારથી નિંદા અને કોઈનું અપમાન પણ કરી શકાય. માટે કોમ્યુનિકેશન માટે આત્મચિંતન કરવું. આત્મલક્ષી ચેતનાને જાગ્રત કરવી, જેથી આપણાં વ્યક્તિગત અને સામાજિક જીવન સંતુલિત બને. મોડી રાત્રે પૂજ્ય સ્વામીજી વોલિંગ્ટનથી શટન-સરે જવા રવાના થયા.

**શટન-સરે (યુ.કે.) :** શ્રીમતી હેમાબેન પટેલ અને શ્રી જગદીશ પટેલને ત્યાં પૂજ્ય ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ હંમેશા આવીને રહેતા. શિવાનંદ આશ્રમ અમદાવાદમાં રસોડાના રૂમ માટેનું દાન શ્રીમતી હેમાબેનના દિવંગત પિતાશ્રી શ્રી રામભાઈ પટેલ દ્વારા મળ્યું હતું. આશ્રમના શ્રીશ્રી અષ્ટલક્ષ્મી આદિશક્તિપીઠનાં માતૃ વિગ્રહો માટે મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સમયે સૌથી પ્રથમ સાડી શ્રદ્ધેયા હેમાબેન-જગદીશભાઈ તરફથી પ્રાપ્ત થઈ હતી. કહેવાની જરૂર નથી કે આજે દરરોજ આશ્રમમાં ૫૦થી વધુ થઈને હજાર માણસો સુધીને અન્નપૂર્ણા કૃપાથી ભોજન અને શ્રીશ્રી આદિશક્તિ પીઠમાંથી દર વર્ષે ૬૦૦થી ૮૦૦ સાડીઓનું પ્રસાદમાં વિતરણ થાય છે.

અહીંથી તા.૧૭ અને ૧૮, સોમ તથા મંગળવારે સાંજે દલીચ ખાતેની કીંગ કોલેજ (મેડિકલ) હોસ્પિટલના બોર્ડરૂમમાં ડોક્ટરો અને પેરામેડિકલ તથા એડમિનિસ્ટ્રેટીવ સ્ટાફ માટે પૂજ્ય સ્વામીજીનાં 'CALM THE MIND AND HEAL THE HEART' વિષય પર પ્રવચનો થયા. સપ્ટેમ્બરની ૧૯મી તારીખે બુધવારે વૃદ્ધાશ્રમ અપના આશિયાનામાં જઈને વૃદ્ધો સાથે સત્સંગ કરી સૌને આનંદ વિનોદ કરાવ્યો હતો. ૨૦મી તારીખે, ગુરુવારે નીઝડન ખાતે શ્રી શિરડી સાંઈબાબાના મંદિરમાં પૂજ્ય સ્વામીજીનો સત્સંગ આયોજાયો હતો. પૂજ્ય સ્વામીજીએ કહ્યું, 'ગુરુદેવ સ્વામી ચિદાનંદજી મહારાજ તેમના અજ્ઞાતવાસ અને પરિવ્રાજક અવસ્થામાં શિરડી જઈને લાંબા કાળ સુધી રહ્યા હતા. ત્યાંના સુપ્રસિદ્ધ ગણુ મહારાજના તથા પૂજ્યા ગોદાવરી માતાજી, શાકોરીના ખૂબ જ કૃપાપાત્ર થયા હતા. પૂજ્ય બાબાને સાધારણ સંત ન જાણવા જોઈએ. બ્રહ્મનિષ્ઠ, શ્રોત્રીય અને પરમાત્મ સ્વરૂપ શિરડી સાંઈબાબા દત્તાત્રેયનો અવતાર માનવામાં આવે છે.'

સપ્ટેમ્બર ૨૧મી તારીખે શુક્રવારે પધરામણી ઉપરાંત ભક્તોને ત્યાં મહાપૂજા વગેરે કાર્યક્રમો થયા. શનિવારે તા.૨૨મી સપ્ટેમ્બરે પધરામણી ઉપરાંત હોસ્પિટલોમાં કેન્સરથી પીડિત અને જીવન કવનને ઓવારે આવી ઊભેલ વ્યક્તિઓની પણ સ્વામીજીએ મુલાકાત લીધા બાદ 'અભિમાનથી કહો કે, હું હિન્દુ છું' વિષયક ખૂબ જ મનનીય પ્રવચન અગણિત યુવાનો માટે સાંજે ૪-૦૦ થી ૫-૩૦ સુધી કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમોનું આયોજન આદરણીય શ્રી યોગી જોગેન્દ્રભાઈ પટેલે કર્યું હતું. તેઓ આપણા શિવાનંદ આશ્રમ અમદાવાદ ખાતે યોગશિક્ષક તાલીમ શિબિરના તાલીમાર્થી રહી ચૂક્યા છે. તેમનાં દિવંગત માતુશ્રી શ્રીમતી શાંતાબેન શનાભાઈ પટેલને પૂજ્ય સ્વામીજી પ્રત્યે અનન્ય-માતા-પુત્રવત્ સ્નેહ હતો.

તા.૨૩મી સપ્ટેમ્બરની વહેલી સવારે પૂજ્ય સ્વામીજી લંડન હીથ્રો એરપોર્ટથી, ફ્રેન્કફર્ટ જર્મની થઈને તા.૨૪મી સપ્ટેમ્બરના બ્રાહ્મમુહૂર્તે સવારે એક વાગ્યે મુંબઈ આવી પહોંચ્યા હતા. સોમવાર ૨૪મી સપ્ટેમ્બરે સવારે છ વાગ્યે પૂજ્ય સ્વામીજીનું અમદાવાદ સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ ખાતે ખૂબ જ ઉષ્માભર્યું સ્વાગત વિશાળ ભક્ત સમુદાયે કર્યું હતું.

# વૃત્તાંત

**દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ : શ્રી રામકથા પારાયણ :** શિવાનંદ આશ્રમ ખાતે પૂજ્ય શ્રી મૈથિલીશરણ મહારાજશ્રી હરિદ્વારના વ્યાસાસને નિત્ય સવારે શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી ભવન ખાતે તા.૧ સપ્ટેમ્બરથી તા.૯ સપ્ટેમ્બર દરમ્યાન શ્રી રામકથા પારાયણ આયોજિત કરવામાં આવેલ. તેમાં નિત્ય મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ હાજર રહી કથાશ્રવણનો લાભ લીધો.

**શ્રી શિવાનંદ કથામૃત પારાયણ :** સદ્‌ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના ૧૨૫મા પ્રાકટ્ય ઉત્સવ નિમિત્તે શિવાનંદ આશ્રમ ખાતે તા.૧થી તા.૮ સપ્ટેમ્બર શ્રી શિવાનંદ કથામૃત પારાયણનું આયોજન કરવામાં આવેલ. શ્રીમતી રૂપાબહેન મજમુદારના વ્યાસાસને નિત્ય સાંજે ૫-૩૦થી ૭-૦૦ શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી ભવન ખાતે અનેક ભાવિક ભક્તોએ ખૂબ વરસાદની મોસમ હોવા છતાં કથામૃતના દિવ્ય રસપાનનો લાભ લીધો અને ધન્યતા અનુભવી. તા.૮ સપ્ટે. ગુરુદેવના પ્રાકટ્ય મહોત્સવ સાથે કથા સંપન્ન થઈ.

**શ્રદ્ધેયા રૂપાબેને તેમના શિવાનંદ કથામૃતમાં વિસ્તારપૂર્વક આઠ દિવસ સુધી નીચે જણાવેલ પ્રકરણોનો સમાવેશ કર્યો : દિવસ-૧ :** ગુરુનો મહિમા, ગુરુની આવશ્યકતા, વિદ્વાન કુટુંબમાં ગુરુદેવનું પ્રકટીકરણ, ગુરુદેવનું પ્રારંભિક જીવન. **દિવસ-૨ :** નાનપણથી જ ગુરુદેવમાં સંતના લક્ષણો વિદ્યમાન, ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ કારકિર્દી અને નિષ્કામ સેવા અર્થે મલાયા જવાનો નિર્ણય, દર્દીઓની સેવામાં. **દિવસ-૩ :** મલાયામાં જીવન, રસોઈયા નારસિંહ આયરના ગુરુદેવ સાથેના અનુભવો, મલાયામાં 'ગરીબોના ડૉક્ટર' તરીકે વિખ્યાત, નિષ્કામ સેવા અને દિવ્ય પ્રેમની સાથે સાથે જપ-તપ, ચારે બાજુ દુઃખ અને ઉપાધિના દર્શન થતાં વધારે અંતર્મુખતા, માનવજીવનના સાચા હેતુનું પ્રત્યક્ષ દર્શન, આધ્યાત્મિક તણખો જ્વલંત જ્યોતમાં રૂપાંતરિત, સંસારી જીવન, ભોગવિલાસ પ્રત્યે ઉદાસીનતા, પ્રભુદર્શનના ધ્યેયથી ભારત પાછા ફરવું, પરિવ્રાજક સાધુ તરીકે ભારતમાં પરિભ્રમણ, અંતે હૃષીકેશમાં આગમન. **દિવસ-૪ :** સંન્યાસ દીક્ષા, કડક તપશ્ચર્યા, એકાંત વાસ, સાધુઓની સેવામાં, 'સત્ય સેવાશ્રમ દવાખાનું' શરૂ, સ્વર્ગાશ્રમમાં નિવાસ, યમ-નિયમનું સખત પાલન, પત્રિકાઓ પ્રગટ થઈ, સંયમ-સાધના, આધ્યાત્મિક ડાયરી લખતા, મહત્ત્વની તીર્થયાત્રાઓ, એકાંતવાસ છોડી લોકોની વચ્ચે, ચમકતી આંખો અને આગઝરતી વાણી, સંકીર્તનનો મહિમા વધારવા વ્યાપક પ્રવાસ, સાધુઓની સુષુપ્ત શક્તિઓ જગાડવા 'સ્વર્ગાશ્રમ સાધુ સંઘની સ્થાપના', શિવાનંદ આશ્રમ સ્થાપના, 'દિવ્ય જીવન સંઘ'ની સ્થાપના, આશ્રમે વિકાસની હરણફાળ ભરી, 'યોગવેદાન્ત આરણ્યક અકાદમી'ની સ્થાપના, પરદેશથી શિષ્યોનો ધસારો, રોજ ધમધમતી સવાર, આશ્રમ સત્સંગમાં ગીતો અને નાટકો દાખલ, 'સર્વધર્મ પરિષદ' નોંધપાત્ર બનાવ, સર્વધર્મ પ્રત્યે સમભાવ, સ્વામી શિવાનંદનો સમન્વય યોગ. **દિવસ-૫ :** આશ્રમનું સંચાલન, ગુરુ-ચેલાનો કોઈ જ ભાવ નહીં, ઈશ્વરની યોજના મુજબ આધ્યાત્મિક પુનરુત્થાનનું કાર્ય, શિષ્યોના કલ્યાણની જ એકમાત્ર ઇચ્છા, શિવાનંદ આશ્રમમાં પુરુષ-સ્ત્રી વચ્ચે કોઈ ભેદભાવ નહીં, દુરાચારી માણસોને પણ સ્વામીજી આવકાર આપતા. તેઓ કહેતા : 'પાપને ધિક્કારો, પાપીને નહીં', તોફાની શિષ્યો માટે પણ તેઓ તો પ્રેમાળ ગુરુ જ, આંખની આધુનિક હોસ્પિટલ, મફત નેત્રયજ્ઞો, રક્તપિત્તના રોગીઓની સેવા, ગુરુદેવે પોતે આચરણમાં મૂક્યો ન હોય તેવો કોઈ ઉપદેશ બીજાને કદી આપતા નહીં-જીવનનો મુદ્રાલેખ, ભારત-શ્રીલંકા બે માસની સેવાયાત્રા (૧૯૫૦), આધ્યાત્મિક જ્ઞાનનો પ્રસાર, શિવાનંદ સાહિત્ય-ઘરઘરમાં જ્ઞાનગંગા, શિવાનંદ સાહિત્ય વાંચીને દેશ-પરદેશના અનેક ભક્તોનો અનુભવ-જીવન પરિવર્તન-ચમત્કાર, **દિવસ-૬ :** ગુરુ બનવા માટેના પ્રભુના આદેશ ઉપર પ્રકાશ, શિષ્યો માટે હૃદયમાં ઊભરાતો પ્રેમ, શિષ્યોના અનુભવો, કુટુંબ કબીલો સંભાળતા સંસારીઓની સમસ્યાઓનો ઉકેલ લાવતા, પ્રેમ-પ્રોત્સાહન-ગમ્મત સાથે જ્ઞાન-મૌન દ્વારા શિષ્યો-ભક્તોના જીવનનું રૂપાંતર, છૂટા હાથે સંન્યાસ-દીક્ષા આપતા-વિક્રમ સર્જ્યો, ગુરુદેવે ઘણાં સ્ત્રી-પુરુષોને સાચા અર્થમાં સાધુ બનાવ્યા હતા, સંન્યાસી જીવન જીવવા માટે કશી પાત્રતા ના હોય તો તેવા માણસને સંન્યાસ આપવાનો સ્પષ્ટ ઇન્કાર કરતા કહેતાં : 'સંસાર જેવો ઉત્તમ શિક્ષક બીજો કોઈ નથી.', હજારો માણસોને મંત્રદીક્ષા-મંત્રજાપનું મહત્ત્વ, સમૂહ સાધનાના કાર્યક્રમોનું આયોજન, ઉપદેશ : સેવા, પ્રેમ, ધ્યાન, સાક્ષાત્કાર. **દિવસ-૭ :** અન્ય સંતો અને ગુરુઓને પણ ગુરુદેવ પ્રત્યે ખૂબ પ્રેમ-વ્હાલ-તેમના અભિપ્રાય-દેવપુરુષ, દેશ-વિદેશમાં દિવ્યજીવન સંઘની શાખાઓ, દેશ-વિદેશના શિષ્યો-ભક્તોના અનુભવ, પ્રાણીમાત્રમાં પ્રભુદર્શન, ચમત્કાર દ્વારા શ્રદ્ધારોપણ, મહાસમાધિ, ગુરુ ભગવાન સ્વામી ચિદાનંદજી મહારાજનું સંક્ષિપ્તમાં જીવન-દર્શન, પૂજ્યપાદ સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજનું સંક્ષિપ્તમાં જીવન-દર્શન. **દિવસ-૮ :** સદ્‌ગુરુદેવના કેટલાક અગ્રગણ્ય શિષ્યરત્નો વિશે જાણકારી, 'ગુરુ પાદુકા ભગવાન-૨૦૦૦'ની અમદાવાદ યાત્રા, ગુરુદેવની પ્રાકટ્ય લીલાનું વર્ણન, ૧૨૫મો પ્રાકટ્ય ઉત્સવ.

**૧૨૫મો પ્રાકટ્ય ઉત્સવ :** તા.૮ સપ્ટેમ્બર સદ્‌ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના ૧૨૫મા પ્રાકટ્ય ઉત્સવ નિમિત્તે શ્રી શિવાનંદ કથામૃત પારાયણની ભવ્ય ઉજવણી કરવામાં આવી. યોગશિક્ષક શ્રીમતી મંજુ નારંગની સુપુત્રીએ બાળ શિવાનંદનું સ્વરૂપ ધારણ કર્યું હતું અને આશ્રમના પૂજારીના પુત્રોએ સ્વામી શિવાનંદજી મહારાજનાં સૂત્રો ધારણ કરી શંખનાદ વચ્ચે ભવ્ય પ્રાકટ્ય થયું.

સૂરસમ્રાજ્ઞી શ્રીમતી મોનિકાબેને સુંદર પ્રાકટ્ય ઉત્સવ અને ગુરુભક્તિનાં ભજનો ગાતાં ભક્તો ભાવાવેશમાં આવી ગયા. શ્રીમતી જ્યોતિબેને શિવાનંદ ગાથા રજૂ કરતું ખૂબ સુંદર ભક્તિગીત પ્રસ્તુત કર્યું.

ભવ્ય પ્રાકટ્ય આરતી થઈ. પૂજ્યપાદ સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજ અને સ્વામિનારાયણ સંપ્રદાયના અનુપમ મિશનના વડા શ્રી જશભાઈ સાહેબજીએ અમેરિકાથી ફોન ઉપર ઉપસ્થિત સૌ ભક્તોને આ શુભ પ્રસંગે આશીર્વાદ પાઠવ્યા.

પ્રાકટ્ય ઉત્સવ સાંજે શ્રી સ્વામી ચિદાનંદ ધ્યાન-યોગ મંદિર ખાતે શ્રી ગુરુપાદુકા પૂજન અને ભંડારા સાથે ઉજવવામાં આવ્યો. લગભગ ૫૦૦ જેટલા ભક્તોએ મહાપ્રસાદ આરોગ્યો. આ દિવસે ૧૨૫ બાળકોની નારાયણ સેવા કરવામાં આવી.

**સામૂહિક ચંડીપાઠ :** શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી ભવન ખાતે દર અઠવાડિયે શુક્રવારના રોજ સામૂહિક ચંડીપાઠ કરવામાં આવે છે, જેમાં આ વખતે ૭૫ બહેનોએ ભાગ લઈ શક્તિ ઉપાસના કરી.

**પૂર્ણિમા :** દર મહિને પૂર્ણિમાના દિવસે લલિતા સહસ્રનામ પારાયણ કરવામાં આવે છે જેમાં આ વખતે ૧૨૫ બહેનોએ ભાગ લઈ લક્ષ્મી આરાધના કરી.

આશ્રમમાં દર મહિનાની જેમ બધા સત્સંગો, સ્વાધ્યાય, પૂજા, પાઠ, અર્ચના, દરિદ્રનારાયણ સેવા, યોગવર્ગો, રેઈકીવર્ગો, વેદાંતવિમર્શ વર્ગ, સુંદરકાંડ પારાયણ, દૈનિક સત્સંગ વગેરે થયાં.

**ગુરુદેવ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનો ૯૭મો પ્રાકટ્ય ઉત્સવ :** તા.૨૪ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫-૩૦થી ૭-૩૦ શ્રી ગુરુપાદુકા પૂજન સાથે પ્રાકટ્ય ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

તા.૨૪-૯ની વહેલી સવારે પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ તેમની દિવ્યયાત્રા-૨૦૧૨ની પવિત્ર અને આનંદસભર પૂર્ણાહુતિ કરીને અમદાવાદ પધાર્યા. ઇન્ટરનેશનલ એરપોર્ટ પર તેમનું ભક્તોના એક વિશાળ સમૂહે ખૂબ જ ઉષ્માભર્યું સ્વાગત કર્યું. એરપોર્ટ ખાતે જ સત્સંગ કરીને પૂજ્યશ્રી આશ્રમ પધારીને બધાં મંદિરોમાં ગયા, ત્યારબાદ આશ્રમના ભક્તો અને શુભેચ્છકો કે જેઓ અલગ અલગ હોસ્પિટલોમાં છે, તેમની મુલાકાતે ગયા. સાંજે તેમની ઉપસ્થિતિમાં શ્રી સ્વામી ચિદાનંદ પ્રાકટ્ય પર્વ ખૂબ જ આનંદભેર અને ઉત્સાહ સાથે વિશાળ ભક્ત સમાજની ઉપસ્થિતિમાં ઉજવાયું. નારાયણ સેવામાં દરિદ્રનારાયણોને શીરો તથા પૂરી-શાક જમાડવામાં આવ્યાં.

તા.૨૫-૯ની સાંજે અમદાવાદના સુપ્રસિદ્ધ મેનેજમેન્ટ એસોસીએશન ખાતે તેમના વાર્ષિક મેનેજમેન્ટ સપ્તાહનું ઉદ્‌ઘાટન પ્રવચન પૂજ્ય સ્વામીજીએ કર્યું. આ વર્ષે તેમના વક્તવ્યનો વિષય હતો 'Vaidik wisdom for harmony of Body, Mind and Spirit.' પંદરસોથી અધિક ખચાખચ ભરેલા સભાગારે પૂજ્ય સ્વામીજીનું તાળીઓના ગડગડાટ સાથે સ્વાગત કર્યું. પૂજ્ય સ્વામીજીનું આ વીસમા મેનેજમેન્ટ સપ્તાહમાં અગિયારમું ઉદ્‌બોધન હતું. પ્રવચનના સંયોજક શ્રી મુકેશ પટેલે કહ્યું, આપણે ત્યાં છેલ્લા એકસો પ્રવચનો આ શ્રૃંખલામાં થયાં છે, તમામ વક્તાઓ પ્રવચન માટેની સહાયક સામગ્રી કાગળો, ફાઈલો અને કાગળની ચબરખીઓ લઈને આવતા હોય છે, પરંતુ પૂજ્ય સ્વામીજીને સાંભળવા એક લહાવો છે, તેઓની જ્ઞાન-ગંગોત્રીના ગવ્હરમાંથી નિઃસૃત થઈ ધારાપ્રવાહ વાક્પ્રવાહનું અવગાહન એક દિવ્ય અને આંતરિક આનંદ છે. આ પ્રસંગે આશ્રમના શુભેચ્છક શ્રી શ્રેયસ પંડ્યા, સાહિત્ય મુદ્રણાલયના સૌજન્યથી પૂજ્ય સ્વામીજીના પ્રવચનનો સારાંશ એક લઘુપુસ્તિકા 'વૈદિક વાંગ્મય જીવન પ્રકાશ પથ'નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.

પૂજ્ય સ્વામીજીની વિદેશયાત્રા પછી આશ્રમ પુનરાગમનથી પુનઃ આશ્રમ વધુ ચેતનવંત અને પ્રાણવાન બન્યો.

**દેથલી :** શ્રી ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીજીએ કરેલી, તેના પ્રથમ કુલપતિ આદરણીય શ્રી મોરારજીભાઈ દેસાઈ હતા. આ સંસ્થાનું થોડું પણ ખૂબ અગત્યનું સ્તુત્ય કાર્ય ખેડા જિલ્લાના માતર તાલુકામાં દેથલી ગામે થઈ રહ્યું છે. પૂજ્ય બાપુજીના અનુયાયી આદરણીય શ્રી પરસદરાય શાસ્ત્રીજી અહીં ૧૯૫૪થી ધુણી ધખાવીને બેઠા છે, બુનિયાદી તાલીમ, ખેતીવાડી પ્રશિક્ષણ અને શાળાકીય શિક્ષણની સંસ્થામાં ખૂબ જ પછાત વર્ગના ૫૫૦ બાળકો અહીં અભ્યાસ કરે છે. ૩૫૦ બાળકો માટે નિવાસ અને નિઃશુલ્ક ભોજનની પણ વ્યવસ્થા છે. અહીં આ વિદ્યાર્થીઓ માટે નૂતન આવાસમાં બીજા બાર ઓરડાઓ, શૌચાલયો, સ્નાનઘરોનું નિર્માણ થયું, જેનું લોકાર્પણ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ શ્રીએ તા.૨૭ સપ્ટેમ્બર ગુરુવારની સવારે ૧૦-૩૦ વાગ્યે કર્યું. આ પ્રસંગે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી ઉપરાંત શ્રી સ્વામી અસંગાનંદજી મહારાજશ્રી, જ્ઞાનવિહાર આશ્રમ હેરંજ, શ્રી સ્વામી નિશ્ચલાનંદજી મહારાજ, દવાડા (જિ. મહેસાણા), શ્રી સ્વામી કમલાનંદપુરી મહારાજ તથા ગુજરાત વિદ્યાપીઠના વર્તમાન કુલપતિ શ્રી સુદર્શન આયંગર સાહેબ તથા સમગ્ર ગુજરાત ઉપરાંત કેનેડા, યુકે અને યુ.એસ.એ.ના મહેમાનો, દાતાઓ પણ ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ કહ્યું, 'તમારે માટે સાધન સુવિધા સામગ્રી બધું વધ્યું છે. હવે આવશ્યકતા છે, તમારા ઉત્સાહ, ખંત અને તમારી ધગશની, ખૂબ ભણો. વિશ્વનું વિશાળ ફલક તમારી રાહ જોઈ રહ્યું છે.' આ પ્રસંગે ગુજરાત દિવ્ય જીવન સંઘ, તરફથી ગરીબ વિદ્યાર્થીઓની શિક્ષા માટે ઊભા કરવામાં આવેલ કાયમી ફંડમાં પૂજ્ય સ્વામીજી મહારાજે શ્રીગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના ૧૨૫ના પ્રાકટ્ય મહોત્સવ વર્ષ સ્મૃતિમાં રૂ. એક લાખનું વિનમ્ર દાન સેવાર્થ સમર્પણ કર્યું.

**વડોદરા :** વડોદરા દિવ્ય જીવન સંઘની શાખા કદાચ ૩૫ વર્ષ સુધી ઉષા બંગલો, કીર્તિસ્થંભ, રાજમહેલ રોડ ખાતે ચાલી. આ મકાનના માલિક છે, શ્રી પ્રદ્યુમ્નરાય માનકર. તેમનો જન્મ શતાબ્દી ઉત્સવ વિદ્વાનો, વડીલો અને પ્રબુદ્ધ વિદ્યાર્થીઓના સન્માન સાથે વડોદરા મેનેજમેન્ટ એસોસીએશન, વડોદરા ખાતે ધામધૂમથી તા.૩૦-૯-૨૦૧૨ની સાંજે ૫-૦૦થી ૭-૦૦ વાગ્યા સુધી પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના પ્રમુખપદે અને તેમની નિશ્રામાં સમ્પન્ન થયો.

*With Best Compliments From*

**Maulesh R Pota**
**98202 81404**

VIMARK

- **Consultancy on Exim Policy**
- **Liaision with DGFT**
- **Export Promotion & Marketing**

11, Siddhartha Apartments, Parekh Lane, S. V. Road,
Kandivli (W), Mumbai - 400 067. Telefax : 022 2801 4751
E-mail : vimarkcon@yahoo.com, vmpota@hotmail.com

*With Best Compliments From*

**Vishakha M Pota**
**98200 30733**

VIMARK Plus
VIMARK PLUS

Dealer
(n)Code Solutions
e-Safe _e-Secure_e-Sure
Licensed Certifying Authority
A Division of GNFC Ltd.

**Digital Signature Certificates**

- (n) exim for e-filing under EXIM Policy
- (n) 21 for e-filing under MCA-21
- (n) Procurement for e tendaring
- e Rail • IPO

11, Siddhartha Apartments, Parekh Lane, S. V. Road,
Kandivli (W), Mumbai - 400 067. Telefax : 022 2801 4751
E-mail : vimarkplus@yahoo.com, vmpota@hotmail.com

*With Best Compliments From*

Rajendrasinh Ravubha Vaghela
(9898500007)

*Take a broad view of things. Ignore the faults of others. Joyfully bear with the eccentricities of other people. Be great and noble-minded in whatever you do.*

*- Swami Sivananda*

# SHAKTI TRACTORS

Authorised Dealer in Mahindra & Mahindra Ltd. Tractor, Equipment and Spares
**12, Riddhi Siddhi Bunglows, Sanand-Sarkhej Highway, Sanand, Dist-Ahmedabad - 382110**
**Ph: 02717 - 222624, 294298, Fax: 02717 - 222624**

ISO 22000

**સ્વાદ અને ગુણવત્તાની પરંપરા**




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.

ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.

સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com



॥ ૐ શ્રી દુર્ગાયૈ નમઃ ॥



'આનંદોહમ્' શ્રીમતી રૂપાબહેન મજમુદાર દ્વારા
શ્રી શિવાનંદ કથા (૧-૯-૨૦૧૨ થી ૮-૯-૨૦૧૨)



શ્રી રાજીવ શાહ દ્વારા આદરણીય શ્રી મૈથીલી શરણજી
મહારાજ નું રામકથા પ્રસંગે અભિવાદન. (તા. ૯-૯-૨૦૧૨)



એટલાન્ટા બાલાજી મંદિર ખાતે
પૂજ્ય સ્વામીજીનું પરંપરાગત સ્વાગત




ફ્રી હોલ્ડ (યુએસ.એ) શિવાનંદ યોગ કેન્દ્ર ખાતે પૂજ્ય સ્વામીજી